દી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## આગેવાનોનો ઉત્તર

અને તેઓ સૌ
અલ્લાહ સમક્ષ હાજર થશે.
પછી ઉદ્ધત હતા એ (આગેવાનો)ને
નબળા લોકો કહેશે,
'અમે તમને અનુસરતા હતા
તમે અલ્લાહના અઝાબથી
અમને બચાવી શકો છો ?'
તેઓ કહેશે,
'અગર અલ્લાહે અમારું માર્ગદર્શન કર્યું હોત
તો અમે તમારી દોરવણી કરી હોત !
હવે આપણે ક્રોધાયમાન થઈએ
કે શાંતિથી અઝાબ સહન કરીએ એ સરખું છે !
આપણા માટે કોઈ આશ્રયધામ નથી !

● (કુરઆની આદેશ)

માહે રબિઉલ અવ્વલ - રબિઉલ આખર ૧૪૪૨ નવેમ્બર - ૨૦૨૦ તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org www.vohratimes.org
vohrasociety@gmail.com vohrasociety@yahoo.com
vohrasamachar@gmail.com vohrasamachar@yahoo.com

## શીફા માટે દુઆ

યુપીએના અધ્યક્ષ સોનીયા ગાંધીના રાજકીય સલાહકાર તેમજ રાજય સભાના મેમ્બર અને આપણી સોસાયટીના મેનેજીંગ કમિટીના સભ્ય **જ. અહમદ મોહંમદ પટેલ સા.** પીરામણની તબિયત નાદુરસ્ત હોવાના સમાચાર મળ્યા છે.

હમો અલ્લાહતઆલાથી દુઆ કરીએ કે માબુદે કરીમ એમને શીફાએ કામિલા બક્ષે અને ઉમરમાં બરકત અતા ફરમાવે. આમીન.

વહોરા સમાચારના વિશાળ વાંચકગણને નમ્ર અપીલ કરીએ છીએ કે **જ.અહમદભાઇ** ની શીફાએ કામિલા માટે દુઆ ગુજારે.

આપણી સોસાયટીના ઓન.જન.સેક્રેટરી **જ. અહમદ મોહંમદ ઉનીયા સા.** વડોદરાની તબિયત નાદુરસ્ત હોવાના સમાચાર મળ્યા છે.

હમો અલ્લાહતઆલાથી દુઆ કરીએ કે માબુદે કરીમ એમને શીફાએ કામિલા બક્ષે અને ઉમરમાં બરકત અતા ફરમાવે. આમીન.

વહોરા સમાચારના વિશાળ વાંચકગણને નમ્ર અપીલ કરીએ છીએ કે **જ.અહમદભાઇ** ની શીફાએ કામિલા માટે દુઆ ગુજારે.

## જઝાકુમુલ્લાહ

- **જનાબ યાકુબભાઇ પટેલ સા., યુ.કે.** તરફથી **રૂા. ૨,૦૦,૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ** માં **જનાબ અ.સમદભાઇ અમેજી સા. ઇટારવા** હસ્તે મળ્યા છે.
- **હાજી અહમદ ઇસ્માઇલ વાવડા સા.,હાજી અલી આઝમ ઇસ્માઇલ સા.તથા હાજી સુલેમાન અહમદ દાદાભાઇ સા., યુ.કે.** તરફથી **રૂા. ૨૯,૮૦૦/-** સોસાયટીના **બેવાફંડ** માં મળ્યા છે.
- **મોહતરમા ઝુબેદા યુસુફ બેલીમ સા., વડોદરા** તરફથી **રૂા. ૧૦,૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ** માં મળ્યા છે.
- **જનાબ સોએબ હાસીમ ભામ સા., રાંદેર** તરફથી **રૂા. ૨૧,૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ** માં મળ્યા છે.
- **જનાબ સુલેમાનભાઇ નાડત સા.,ઝામ્બીયા** તરફથી **રૂા.૩૭,૦૦૦/-** સોસાયટીના **ઝકાતફંડ**માં તથા **રૂા.૧૪,૮૦૦/- બેવાફંડમાં જનાબ સઇદભાઇ દરસોત સા. અંકલેશ્વર** હસ્તે મળ્યા છે.

**અલ્લાહપાક એમની આ નેક ખૈરાતોને કબુલ ફરમાવી એનો બહેતરીન બદલો બંન્ને જહાનમાં અતા ફરમાવે.આમીન.**

## સ્કોલરશીપ પરત

### એક અનુકરણીય કદમ

સોસાયટીના ઘણા સ્કોલરો એવા હોય છે કે જેઓ ભણીને નોકરી ધંધે લાગે કે તરતજ સોસાયટીમાંથી સ્કોલરશીપ સ્વરૂપે લીધેલી મદદમાં વધુ રકમ ઉમેરી પરત મોકલે છે.એવાજ તેલાડાના વતની **ડૉ.સાજીદ સઇદ ભામજી સા.** એ સોસાયટીમાંથી લીધેલ સ્કોલરશીપની રકમ પૈકી **રૂા.૨,૨૦,૦૦૦/-** એમના વાલીદ **જનાબ સઇદભાઇ ભામજી સા.** હસ્તે મળ્યા છે. **જઝાકુમુલ્લાહ.**અલ્લાહતઆલા એમને ખુબ તરકકી અતા ફરમાવે અને એમની નેક કમાઇમાં ખુબ બરકત અતા ફરમાવે. આમીન.

માજી સ્કોલરો માટે એક અનુકરણીય કદમ ઉઠાવ્યુ છે. (ભુતકાળમાં પણ ઘણા માજી સ્કોલરોએ પૈસા પરત કર્યા છે.)

**આ તકે સોસાયટીના માજી સ્કોલરોને પણ અપીલ કરી રહયા છીએ કે જો સારી હાલતમાં હોય તો આપણી સંસ્થાને મદદરૂપ થવા નમ્ર ગુજારીશ છે.**

**અલ્લાહપાક મદદ આપનારા અપાવનારા સર્વેને બહેતરીન બદલો બન્ને જહાનમાં આપે.આમીન.**

## મુસ્લિમ સમાજનું ગૌરવ



### શોએબ આફ્તાબે ઇતિહાસ રચ્યો, નીટની પરીક્ષામાં ૧૦૦ ટકા માર્કસ મેળવનારો પ્રથમ વિદ્યાર્થી

રાજસ્થાન કોટાના ટોચના કોચિંગ સેન્ટર એલન કરિયર ઇન્સ્ટીટ્યુટ સંસ્થામાં ભણતો વિદ્યાર્થી શોએબ આફતાબે નેશનલ એલિજીબિલીટી કમ એન્ટરન્સ એકઝામ (નીટ) માં ૧૦૦ ટકા માર્કસ મેળવ્યા છે. તે બદલ મુબારકબાદ. એનટીએ દ્વારા ઓએમઆર શીટ જાહેર કરવામાં આવી હતી. આફતાબને પરીક્ષામાં કુલ ૭૨૦ માર્કસ માંથી ૭૨૦ માર્કસ મળ્યા છે એટલે કે, તેણે ૧૦૦ ટકા પરિણામ મેળવ્યું છે. આની સાથે તેણે નવો રેકોર્ડ બનાવી ઇતિહાસ રચી દીધો છે. આ પહેલા કોઇપણ વિદ્યાર્થીએ આવુ પરાક્રમ કરી બતાવ્યું નથી.

# વહોરા સમાચાર

## ▪ કુરઆની આદેશ

**▪ લુકમાને કહયું :**

**'બેટા, અગર કોઈ અમલ રાઈના દાણા બરાબર હોય અને તે કોઈક શીલાની ભીતર યા (ગમે ત્યાં) આકાશોમાં યા પૃથ્વી પર (ગોપિત) હશે તો પણ અલ્લાહ તેને હાજર કરશે! કેમ કે અલ્લાહ સૂક્ષ્માતિસૂક્ષ્મ રહસ્યોથી સુજાણ છે, સુપરિચિત છે!**

**▪ ઈચ્છો એવો બદલો :**


**જે માણસ (તેના સદ્‌કર્મે પેટે) આખેરતનો બદલો ઈચ્છે છે તેની બક્ષિસમાં અમે વધારો કરી આપીએ છીએ. અને જે દુન્યવી બદલો ઈચ્છે છે તો અમે તેને તે આપીએ છીએ. આખેરતમાં તેનો કોઈ હિસ્સો હશે નહીં.**


**અંક : ૧૧**

**માસઃ - નવેમ્બર ૨૦૨૦**

**માહેઃ રબિઉલ અવ્વલ - રબિઉલ આખર ૧૪૪૨**

**તંત્રી : મસ્ત મંગેરા**

## ▪ તઝમીન

- **હર યુગે હર સભામાં એ ચર્ચાય છે,**
  **વાત તારી કદી, વાત મારી કદી**

**▪ મસ્ત મંગેરા**

- **આપણું મૂલ્ય જે રીતે અંકાય છે**
  **દિલને એ વાત જાણી ખુશી થાય છે**
  **કિંતુ ઈર્ષાથી દુશ્મન બળી જાય છે**

  **હર યુગે હર સભામાં એ ચર્ચાય છે,**
  **વાત તારી કદી, વાત મારી કદી.**

**▪ રાઝ નવસારવી**

## ▪ તંત્રી સ્થાનેથી...!

કોરોના કાળના બધા સંસ્મરણો ભૂલાઈ જશે. નવા આવનારા સમયની રાહ જોવાઈ રહી છે. લોકો ઘરમાં પૂરાઈ રહયા તેનો નવો અનુભવ થયો. લાંબા સમય સુધી બહાર ભટકતા, ચટાકેદાર લારી પર ખાતા, ઘરથી વિમૂખ રહેનારા લોકોને આકરી સજા જેવું લાગ્યું.

અંતે એ સમય પણ ઓગળી ગયો.

હવે આપણા સંતાનો માટે સમજવાનો, જાગવાનો અને યોગ્ય દિશામાં વાળવાનો સમય શરૂ થાય છે.

કોરોના કાળની યાદ મગજને ચકરાવે ચઢાવી દે તેવી રહી છે. આપણા દેશમાં મોટી સંખ્યામાં નૌનિહાલો/યુવાનોની સંખ્યા છે. એમની પાસે કામ, નોકરી કે આજિવિકા- જીવવા માટેનું સાધન નથી. સરકાર એ આપી શકતી નથી. જેમ બને તેમ ઓછા લોકોથી ચલાવવું...પછી જેમ ચાલે તેમ.

અન્યાય, છેતરપીંડી વર્ણવી ન શકાય એવી ઘાતકી રીતે થતાં લોકો ના કામો જોવા-સાંભળવા મળે છે.

મન આઘાતમાં સરી પડે છે.

આજે કોઈ કોઈનું નથી- એવી દ્વિધામાં માણસો જીવી રહયા છે. લાગણી સદંતર રીતે ધોવાઈ ગઈ છે. મોટા કહેવાતા માણસોના કામો જાણીએ તો ધ્રુજી જવાય છે. કયાં જવું ? શું કરવું ? લોકો વિચારતા થયા છે.

તેવા સાથે-આપણે આપણા સંતાનોને સાચવી લઈએ. માતા-પિતા, સમાજ જાગૃત રહીને નવી અને સાચી દિશાએ લઈ જવા પ્રયત્ન ન કરશે તો ઘણો પસ્તાવાનો સમય આવશે.

ડો.ઈકબાલનો એક શે'ર યાદ આવે છે..

**આંખ જો કુછ દેખતી હૈ લબ પે આ સકતા નહીં,**
**મેહવે હયરત હું કે દુનિયા કયાસે કયા હો જાએગી !!**

**▪ મસ્ત મંગેરા(કાંગવઈ)**


E-mail : mastamangerakangwai@yahoo.com
Mob : 9426771991



તંત્રી ,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ( 'મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાનઃ- નટરાજ પ્રિન્ટર્સ, ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન :- વહોરા સમાચાર, કાર્યાલય સ્થળ :- અલીબાગ,સ્ટેશન સામે, સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :- ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## • કયામતથી જન્નત સુધી....

▪ દીપક બારડોલીકર

### ⬟ અર્શે આઝમ ધરતી પર

અર્શ એટલે સિંહાસન, એને તખત યા તખ્ત યા રાજગાદી પણ કહે છે. અને અર્શનો એક બીજો અર્થ, નવમા આકાશ પર જયાં અલ્લાહ તઆલાનું સિંહાસન મૂકાયું છે તે સ્થળ, થાય છે. અને અર્શે આઝમ એટલે સૌથી મોટું સિંહાસન.

આ સિંહાસનનો, અર્શે આઝમનો ઉલ્લેખ કુરઆને કરીમમાં આ રીતે થયો છે:

'અને એ (અલ્લાહ)તે છે, જેણે આકાશો તથા પૃથ્વીનું સર્જન છ દિવસમાં કર્યું. અને (ત્યારે)તેનું સિંહાસન પાણી ઉપર હતું'... (૭)સૂરહ હૂદ-૧૧

'અને એ તે છે, જેણે આકાશો તથા પૃથ્વીનું સર્જન છ દિવસમાં કર્યું. અને વિશેષમાં તે(સત્તાના) સિંહાસન પર સુદઢ આરૂઢ થયો'... (૪)અલ-હદીદ

આ ભવ્ય સિંહાસન, અર્શે આઝમ અત્યારે નવમા આકાશમાં છે, પણ આશ્ચર્યજનક વાત આ છે કે એક સમય એવો આવશે જયારે તે આ પૃથ્વી ઉપર ઉતરશે. આ ચોંકાવનારી મહાઘટના, પુનર્જન્મની ઘટના પછી લોકો તેમના કર્મકેસોના નિકાલ વિશે મહશરમાં ઉભાં હશે ત્યારે બનશે. એ વખતે આકાશ ખૂલી જશે અને ફિરસ્તા અર્શે-આઝમ ઉપાડીને ધરતી પર ઉતરશે. આ સંદર્ભે અબૂ ય અલાએ મુસનદમાં નોંધેલી એક હદીસ પ્રમાણે :'અલ્લાહ તેમના પર દયા કરે. સન્માનિત ફિરસ્તાઓને તેનું અર્શ, ધરતી ઉપરના સફેદ ચાઠા ઉપર કે જયાં કદી લોહી વહયું કે કોઈ ગુનો કરાયો નહીં હોય. અને તે ચાંદી જેવું ચળકતું હોય ત્યાં લઈ જવા તે હુકમ કરશે...' (હદીસનો અંશ)

આ દિવ્ય હિલચાલનો ચિતાર આપતાં કલામે-ઈલાહીમાં કહેવાયું છે કે:

'અને એ દિવસે અલ્લાહનું અર્શ ઉપાડયું હશે આઠ ફિરસ્તાઓએ એ દિવસે તમને ન્યાય માટે બોલાવવામાં આવશે. અને તમારાં કાર્યો-કર્મો, જેને તમે છૂપાવતાં હતાં, છાનાં રહેશે નહીં.' (અલ-હાકકા:૧૭-૧૮)

અલ-બસઅ અન-નુહૂર તથા અલ-મુતાલાના હવાલાથી ઈબ્ને કસીરે નોંધ્યા પ્રમાણે અલ્લાહ તઆલા અર્શ ઉપર બિરાજમાન થશે. ફિરસ્તા તેની પ્રશસ્તિ ગાશે અને ત્યાર પછી અલ્લાહ તઆલા ફરમાવશે, 'તમારું સર્જન કર્યું ત્યારથી અત્યાર સુધી હું ચૂપ રહયો હતો. તમે જે કરતા, કહેતા હતા તે હું જોતો, સાંભળતો હતો. માટે હવે તમો સૌ ખામોશ રહો. હવે તમને તમારા કર્મોનો અહેવાલ વાંચી સંભળાવવામાં આવશે. તો જેમનો અહેવાલ સારો હોય તેમણે અલ્લાહની પ્રશંસા કરવી જોઈએ અને જેમનો અહેવાલ એનાથી વિપરિત હોય તેમણે પોતાની જાતને દોષ દેવો જોઈએ.'

### ⬟ દલીલ નહીં, બહાનાં નહીં

એ દિવસે કોઈ કશું બોલી શકશે નહીં. અલ્લાહની હજૂરમાં કશી દલીલ કે બહાનાં ઘડવાની તક મળશે નહીં. મોં બંધ હશે. આ સંદર્ભે કુરઆને કરીમમાં ઈર્શાદે રબ્બાની છે:

'એ દિવસે રૂહ (રૂહુલ અમીન) અને (અન્ય) ફિરસ્તાઓ હરોળબંધ ઉભા હશે. કોઈ બોલશે નહીં. સિવાય કે તે જેને મહાકૃપાવંતથી પરવાનગી મળી હશે. અને તે સાચું હશે તે કહેશે.'(સુરતુન્નબા-૭૮:૩૮)

અને સૂરહ અલ-મુરસલાતમાં ઈર્શાદ થયો છે:

'એ એક એવો દિવસ હશે, જયારે તેઓ બોલી શકશે નહીં. બહાનાં ઘડવાની પણ તક હશે નહીં. અતિ દુ:ખદ હશે એ દિવસ નકારનારાઓ માટે.'(અલ મુરસલાત-૭૭:૩૫-૩૭)

મતલબ કે સૌ લોકો, મહશરમાં અલ્લાહ જલ્લ

શાનહુ સમક્ષ ઉભા હશે. ખામોશ, શિયાવિયા. તેમનો હિસાબ-કિતાબ શરૂ થવાને હજી વાર હશે. અને ઘણું કરીને તે પહેલાં નગ્ન મેદનીને વસ્ત્ર અપાશે.

- **વિવિધ વસ્ત્રો**:

ઈબ્ને કસીરે નોંધ્યા પ્રમાણે સૈયિદિના અબૂ હુરયરહ(રદિ.)વર્ણવે છે:'લોકોને ઉઘાડા પગે, નગ્ન અને ખત્ના કરાયા વિનાની સ્થિતિમાં ભેગા કરવામાં આવશે. તેઓ આકાશ તરફ મીટ માંડીને ચાળીસ વર્ષ ઉભા રહેશે. સખત તકલીફના કારણે તેમને પરસેવો છૂટશે. ત્યાર પછી કહેવામાં આવશે: ઈબ્રાહીમને કપડાં પહેરાવો.' અને તેમને જન્નતનાં કુબતી કપડાં અપાશે. અને ત્યાર પછી મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને બોલાવવામાં આવશે. તેમના માટે નહેર છલકાશે. તેઓ પાણી પીશે, સ્નાન કરશે...અને ત્યાર પછી રસૂલુલલાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, 'મને જન્નતનાં વસ્ત્રો પહેરાવવામાં આવશે. હું અર્શ નજીક યા તેની જમણી તરફ ઉભો રહીશ. મખલુકમાંનું કોઈ પણ ત્યાં ઉભું રહેશે નહીં. મને કહેવામાં આવશે: 'માંગો, તમને આપવામાં આવશે. સિફારસ કરો, એ સ્વીકારવામાં આવશે.' (તિરમીઝી, કન્ઝૂલ-ઉમ્માલ.હદીશનો અંશ)

અને કુરતુબી અનુસાર સૈયિદિના અલી(રદિ.)એ વર્ણવ્યું છે: 'જે પહેલા શખ્સને લિબાસ પહેરાવાશે તે ખલીલ(હ.ઈબ્રાહીમ) હશે. તેમને કુબતી લિબાસ પહેરાવાશે. અને ત્યાર પછી મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અર્શની જમણી તરફથી ઝબ્બો અપાશે.'(ઈબ્ને માજા)

અબૂ નુઅયમની તારીખે અસબહાન અનુસાર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું,'હઝરત ઈબ્રાહીમને બે પાતળાં-સુંવાળાં વસ્ત્રો અપાશે. હું તે પહેરીશ અને જમણી તરફ ઉભો રહીશ. જયાં અન્ય કોઈ ઉભું રહેશે નહીં. પહેલાં અને તે પછીના સૌ મારી ઈર્ષ્યા કરશે.'

અહાદીસો ધ્વારા જાણવા મળે છે કે હઝરત ઈબ્રાહીમ(અલૈ.)અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને લિબાસ અપાયા પછી અન્ય પયગમ્બરો, મુઅઝઝીનો તથા શ્રધ્ધાવાનો વગેરેને વસ્ત્રો મળશે.

- **ગંધકના પહેરણ :**

પુર્નજીવનના દિવસે શ્રધ્ધાવાનોને, અલ્લાહના એકત્વનો અને તેના પયગામોનો જેમણે સ્વીકાર કર્યો હશે તેમને કોઈ ચિંતા નહીં હોય. કોઈ ડર નહીં હોય. અલબત્ત જેમણે માન્યતા એનાથી વિપરીત રાખી હશે, દુરાચારી જીવન ગુજાર્યું હશે તેમની દશા અત્યંત કફોડી હશે. એ ગુનેગારો ઝંજીરોમાં જકડાયેલાં હશે. અને તેમનો લિબાસ તેમને બાળી રહયો હશે. સૂરહ ઈબ્રાહીમમાં ઈર્શાદે ઈલાહી છે:

'(એ દિવસો)તેઓ એક અલ્લાહ સર્વશકિતમાન સમક્ષ હાજર થશે. એ દિવસે ગુનેગારોને તમે ઝંજીરોથી પરસ્પર જકડાયેલા જોશો. તેમના પહેરણ ગંધકના હશે અને તેમને મોઢે જવાળા લપેટાઈ રહી હશે.'(સૂરહ ઈબ્રાહીમ-૧૪:૪૮-૫૦)

વર્ણનો એવાં પણ જોવા મળે છે કે મૈયતને જેવા કાપડમાં લપેટી દફનાવાઈ હશે તેવા વસ્ત્રમાં તે પુર્નજીવનના દિવસે કબરમાંથી બહાર નીકળશે.

પરંતુ એ વર્ણનો, દેખીતી રીતે, વાસ્તવિકતા સાથે મેળ ખાતાં લાગતાં નથી. કાપડ ગમે તે પ્રકારનું હોય, કબરમાં ઝાઝો સમય સલામત રહી શકતું નથી. તે જીર્ણ થઈ માટીમાં મળી જાય છે. વળી એ વર્ણનો, લોકોના નગ્ન સ્થિતિમાં કબરમાંથી નીકળવા વિશેની હદીસોનાં વિરોધક છે. અલ્લાહ અઅલમ.

- **સૌથી છેલ્લા, સૌથી પહેલાં**:

અહાદીસે નબવી સલ્લલ્લાહુ અલયહિ

વસલ્લમ અનુસાર અલ્લાહ જલ્લ શાનહુ જયારે લોકોના કર્મકેસોના ફેંસલાની કારવાઈ હાથ ધરશે ત્યારે એક પોકારનાર પોકારશે, અહમદ અને તેમની ઉમ્મત કયાં છે?રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે કહયું, 'આપણે છેલ્લા, મગર પહેલા છીએ. બધી ઉમ્મતોમાં છેલ્લા ક્રમે, મગર હિસાબ કિતાબમાં (સૌથી) પહેલા. બધી ઉમ્મત આપણને રસ્તો આપશે અને આપણે સૌથી આગળ ચાલીશું. આપણા ચહેરા, આપણા વઝુના કારણે, ચળકતા રહેશે.'

અલી ઈબ્ને હસન ઝયનુલ આબિદીનના હવાલાથી અબ્દુરૅઝઝાકે પણ વર્ણવ્યું કે અલ્લાહના પયગમ્બર (સલ.)મે આમ પણ કહયું છે કે 'હું પહેલો આદમી હોઈશ, જેને બોલાવવામાં આવશે. યશસ્વી, ગૌરવશાળી અલ્લાહની જમણી તરફ જિબ્રાઈલ ઉભા હશે અને અલ્લાહ કે જેને મેં અગાઉ જોયો ન હતો, કહીશ: 'ઓ મારા માલિક! આપે મને જાણ કરી હતી કે તેં એને મારી પાસે મોકલ્યો હતો.'' અલ્લાહ કહેશે:'એણે સાચું કહયું હતું.'

અને ત્યાર પછી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સિફારસ કરશે. એ સમયે શ્રધ્ધાહીનો સૌ જમીન ઉપર ભેગા ઉભા હશે. અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ તેમનો હિસાબ કિતાબ કરી તેમને નોખા કરવા ભલામણ કરશે.

આ પહેલો પ્રસંગ હશે, જયારે અર્શે આઝમને નવમા આકાશ પરથી ધરતી પર ઉતારવામાં આવશે. અને એના પર બિરાજી અલ્લાહ તઆલા તેના બંદાઓના કેસોનો ફેંસલો કરશે, ન્યાય તોળશે. આ ન્યાયતોલન અને આનુષંગિક બાબતો વિશેનો વિસ્તૃત અહેવાલ હવે પછીના પ્રકરણમાં આપે જોઈશું.


- **સંદર્ભ ગ્રંથો :**

**(૧) બિફોર એન્ડ આફટર ધ લાસ્ટ અવર : ઈબ્ને કસીર અદ-દમિશ્કી (ટ્રાન્સલેશન : રફીક અબ્દુરૅહમાન)**

**(૨) ધ હોલી કુરઆન (ટ્રાન્સલેશન એન્ડ કોમેન્ટ્રી : અબ્દુલ્લાહ યુસુફ અલી.**


## • મહાન આલિમોની મુલાકાતોને વર્ણવતું પુસ્તક

પરિચયકર્તા : ડો.પ્રો.હસન લુણત - વિતાન

[ Illuminating Experiences : Ahmad Gul OBE : Translation- Moulana Dr. E.Dadibhai Publisher : Gujarati Writers Forum, 27 James Street, Batley, Wf17 7PA, U.K. First Edition, 2019 ]

અહમદ ગુલ ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ અને લેખક છે. મુખ્યત્વે ગઝલ-સ્વરૂપ સાથે સંકળાયેલા આ કવિએ ઈ.સ.૨૦૧૧માં નૂરાની મુલાકાતો નામની એક ગદ્ય-પુસ્તિકા આપી હતી. તેનો આ અંગરેજી અનુવાદ છે. આ પુસ્તિકામાં લેખકે કેટલીક જાણીતી મુસ્લિમ શખ્શિયતો, બુઝુર્ગોને દીન, ઈસ્લામ ધર્મના પ્રતિષ્ઠિત આલિમો અને વિદ્વાનો સાથેની પોતાની મુલાકાતો વર્ણવી છે. એમણે જે બુઝુર્ગોથી મુલાકાત કરી અને તેમની પાસેથી માર્ગદર્શન મેળવ્યું તેમાં હઝરત મૌલાના યુસુફ મોતાલા(દા.બ.), હઝરત મૌલાના અબુલ હસન અલી નદવી(રહ.), હઝરત મૌલાના અહમદુલ્લાહ પાલ(રહ.) વગેરેનો સમાવેશ થાય છે. આવી મહાન અને મકબૂલ હસ્તીઓ સાથે મુલાકાત કરવી, મુલાકાતની તક પ્રાપ્ત થવી એ ખરેખર ખુશકિસ્મતની વાત છે. આ પુસ્તિકામાં ૧૮ આલિમો સાથેની મુલાકાતોનું સરળ અને બોધક શૈલીમાં પ્રેરણાદાયી કથન વર્ણન થયું છે. વાસ્તવમાં આ ટૂંકા વ્યકિતચિતરો કે રેખાચિતરો છે. એમાંથી જે તે બુઝુર્ગ હસ્તીનું પ્રભાવશાળી વ્યકિતત્વ તો ઉપસે જ છે, સાથે જ લેખકનું પોતાનું પણ વ્યકિતત્વ ઉમદા રીતે ઉઘાડ પામે છે. મહાન આલિમ હઝરત મૌલાના અબ્દુલ્લાહ કાપોદરવી સા.ની દુઆ અને શુભેચ્છા આ પુસ્તિકાને પ્રાપ્ત થયેલ છે.

ગુજરાતી મુસ્લિમ-સાહિતયની વિશિષ્ટ પુસ્તિકાનો સરળ, સુબોધ શૈલીમાં વિદવાન અને અભ્યાસી મૌલાના ડો.ઈ.દાદીભાઈએ અંગ્રેજીમાં અનુવાદ કરી મોટી દીની અને સાહિત્યિક સેવા કરી છે. યુ.કે.માં જન્મેલી નવી ગુજરાતી મુસ્લિમ પેઢી માટે આ સાહિત્ય વાંચવું જરૂરી છે. આવું ઘણું સાહિત્ય ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અનુવાદ પામે અને નવી પેઢી સુધી પહોંચે એ સમયની માંગ છે. લેખકને અને અનુવાદકને અભિનંદન.

## ▪ પરંપરાગત શૈલીની આસ્વાદ્ય ગઝલો

સમીક્ષક: પ્રો.ડૉ.હસન એ.લુણત 'વિતાન

(ફરિયાદ: 'સેવક' આલીપોરી : પ્રથમ આવૃત્તિ, ઈ.સ.૨૦૨૦: કિંમત: છાપેલ નથી : પ્રાપ્તિસ્થાન : 'સેવક' Alipori, 7 Nor folk Avenue, BATLEY, West Yorkshire,U.K.WF17 7AR)

'ફરિયાદ' એ મૂળ આલીપોરના અને બ્રિટન સ્થિત 'સેવક' આલીપોરીનો બીજો ગઝલ સંગ્રહ છે. આ અગાઉ એઓ 'પ્રવેશ'નામનો ગઝલ સંગ્રહ આપી ચૂકયા છે. 'ગુલદાન' નામના સહિયારા ગઝલ સંગ્રહમાં પણ એમની કેટલીક ગઝલો સમાવેશ પામી છે. ઈંગ્લેન્ડમાં રહીને ભલે થોડું પણ દમદાર લખતા રહેતા કેટલાક મહત્વના ગઝલકારોમાં 'સેવક'ની પણ નોંધ લેવી પડે એવું એમનું કર્તૃત્વ છે. એમના 'ફરિયાદ' ગઝલ સંગ્રહ વિશે થોડીક વાત કરીએ.

આ સંગ્રહમાં ૧૦ થી વધુ ગઝલો છે અને લગભગ ૨૮ મુકતક છે. એ તો દેખીતું છે કે સેવક પરંપરાના ગઝલકાર છે. યુ.કે.માં ચાલેલી મુશાયરા પ્રવૃત્તિનો એઓ ઉંડો પ્રભાવ ઝીલે છે. એમની પાસેથી ભલે પરંપરાગત શૈલીની પણ આસ્વાદ્ધ ગઝલો પ્રાપ્ત થાય છે.

ધર્મલક્ષિતા એ આ સંગ્રહનું પ્રધાન લક્ષણ છે. અલ્લાહ અને તેના પયગમ્બર મુહમ્મદ સ.અ.વ.ની પ્રશંસા, હજ અન. રોઝહનું મહત્વ વગેરેને એઓ ખૂબીપૂર્વક ગઝલોમાં ગૂંથી લે છે. એમાં ધર્મબોધ હોય છે. ભાવકને અધ્યાત્મરસની અનુભૂતિ કરાવવાનું લક્ષ્ય હોય છે. આથી એમાં સ્વાભાવિક રીતે જ સરળતા અને સહજતા આવી છે. સર્વવ્યાપી અલ્લાહને કવિ આમ જુએ છે:

**'વહેલી સવારે જોઉં તને ઉષાના લાલ રંગોમાં,**
**ઝાકળનાં બુંદો અને સૂરજના કોમળ કિરણોમાં'** (પૃ.૨૨)

નઅતે રસૂલ સલ.ના મકતાનો શેઅર છે:

**'દિલમાં ભરેલ દરિયો ઈશ્કે રસૂલનો લઈ,**
**'સેવક'ના અંતરની સોગાત દરૂદોસલામની છે.'**(પૃ.૨૦)

૧૧ શેઅરની એક દીર્ઘ રચનામાં એમણે હજયાત્રાના પ્રારંભથી અંત સુધીના દ્રશ્યો ખડાં કરી દીધાં છે. આ શબ્દચિત્રો આપણી શ્રધ્ધામાં વૃધ્ધિ કરે તેવાં છે. જેઓ હજી હજ માટે નથી જઈ શકયા તેમને પ્રેરે તેવાં છે. આખી રચના શ્રધ્ધા ભરપૂર વાણીમાં રચાઈ છે. પ્રારંભનો શેઅર જુઓ:

**'લબથી લબ્બૈકનું ગુંજન સંભળાય છે આજે,**
**શ્વેત એહરામમાં હાજીઓ દેખાય છે આજે.'** (પૃ.૨૧)

આજ પ્રમાણે રમઝાન માસ વિશે પણ દીર્ઘ રચના મળે છે. સામાન્ય રીતે જે વિશે લાંબા વકતવ્ય આપી શકાય તે ધર્મચર્ચા કવિ થોડા અશ્આરમાં કરી શકયા છે તેનાં સુંદર દષ્ટ્રાંત સેવકની આવી રચનાઓમાં મળે છે. બે શેઅર જુઓ:

**'વરસે કૃપા અનંત તારી રમઝાન માસમાં**
**અર્શથી રહેમતો ઉતારી રમઝાન માસમાં.**
**આકાશી નૂરની વર્ષામાં પ્રકૃતિ ન્હાય છે,**
**ભીંજાય છે શ્રધ્ધા મારી રમઝાન માસમાં.'** (પૃ.૨૩)

અન્ય ગઝલોમાં પણ સેવક જયાં તક મળે ત્યાં ઈસ્લામના સિધ્ધાંતો આસાનીથી ગૂંથી લે છે. વાચકોને ધીરતા, દઢતા, એકતા, શ્રધ્ધા વગેરેનો સંદેશ આપતા રહે છે. આવા અશ્આરથી ભાવકને ગઝલ માણ્યાનો આનંદ તો મળે જ છે. સાથે જ આધ્યાત્મિક માર્ગે જીવન જીવવાનું પાથેય પણ પ્રાપ્ત થાય છે. નીચેના ત્રણ શેઅર માણીએ:

**'જે મળે તેને અહીંયા ગનીમત સમજ,**
**એને માલિકની મોટી ઈનાયત સમજ.'** (પૃ.૯૩)

**'થોડું પણ એ માપસર આપે મને,**
**ભેદ એનો કાં તને સમજાય છે.'** (પૃ.૯૬)

**'મન મૂકી એટલું અન્ન દેજે મને,**
**ભૂખ્યા મારા ઉદરને ઉજાણી મળે.'** (પૃ.૧૧૧)

'ફરિયાદ' ની ગઝલોમાં બીજા ઘણા વિષયો છે. સાંપ્રત માનવજીવનની સંકુલતા, એકબીજાથી દૂરતા, માનવતાનો અભાવ, પ્રકૃતિથી વિમુખતા, મિત્રોમાં શત્રુભાવ વગેરે અનેક વિષયો અહીં છે. પ્રણયભાવો પણ એઓ

હૃદયસ્પર્શી રીતે નિરૂપે છે. પ્રેમ અને પ્રતિક્ષાનો સંબંધ તો આદિકાળથી છે. આ ગઝલકાર પણ પ્રતિક્ષારત્ છેઃ

**'જેના દર્શનનો હતો બસ ઈન્તજાર,**
**સામે જો મળ્યાં તો શરમાતો રહયો.' (પૃ.૧૧૦)**
**'કોઈનો ઇંતેજાર છે દ્વારે,**
**આંખને ભીની એ કરે છે પણ.' (પૃ.૧૦૮)**

જમાનાના બદલાતા જતા રંગઢંગથી આ કવિ અજાણ નથી. એઓ નવિન આવિષ્કારોને અપનાવે છે તો જૂનું પણ ઘણું સાચવી રાખવા જેવું હતું એમ માને છે. નીચેનો શેઅર જુઓઃ

**'ફોન કે પત્રો કદી લખતા નથી**
**આવે વોટસએપથી હવે સંદેશ છે.' (પૃ.૧૦૭)**

**ગઝલ કે કોઈપણ સાહિત્ય સર્જન એના સર્જકને માટે જીવવા માટેનું સૌથી મોટું સાંત્વન હોય છે. એ કવિને, સાહિત્યકારને તો આનંદ આપે જ છે, જીવવા માટેનું બળ પણ પૂરું પાડે જ છે. સાથે જ ભાવકને પણ એવા જ આનંદ અને બળની,** શ્રધધા અને સાંત્વનની પ્રાપ્તિ થાય એવી કવિને ખેવના રહેતી હોય છે. આ કવિ પણ એવો જ સૂશ્ર વ્યકત કરે છેઃ

**'મળશે દિલાસો દુનિયાને 'સેવક'ની ગઝલમાં,**
**શબ્દોમાં એના શાંતિનો પયગામ હોય છે.'(પૃ.૧૦૫)**

સંગ્રહની છેલ્લી ગઝલમાં પણ આધ્યાત્મિક ભાવ મુખરતાથી વ્યકત થયો છેઃ

**'બનીને રાહબર જન્મ્યા જે ધરતીના ખોળે,**
**નબીના હાથને તું પણ ભલા ગ્રહી લે હવે.' (પૃ.૧૧૨)**

'સેવક'ની ગઝલોને પ્રસિધ્ધ ગઝલકાર 'મહેક' ટંકારવીના માર્ગદર્શનનો લાભ મળ્યો છે. એથી સંગ્રહની ઘણી ગઝલોમાં ગઝલ સ્વરૂપ પરત્વેની ચુસ્તી અને ચોકસાઈઆવી શકી છે. કયાંક કાફિયાદોષ દેખાય છે તે પણ નિવારી શકાયા હોત. જો કે બ્રિટનમાં નવી પેઢી ગુજરાતી ભાષા-સાહિત્યથી વિમુખ થઈ રહી છે. ત્યાં અમુક જ વર્ગમાં ગુજરાતી ફકત બોલચાલની ભાષા તરીકે જ સીમિત થઈ ગઈ છે. એવી પરિસ્થિતિમાં ગુજરાતીમાં સર્જન અને પ્રકાશન કરવું એ મોટા પડકારનું કાર્ય છે. 'સેવક' આલીપોરીએ એવો પડકાર ઝીલ્યો છે એ બદલ એમને અભિનંદન અને આ ક્ષેત્રમાં એમનું પ્રદાન જારી રહે એવી શુભેચ્છા.

## ▪ ઈસ્લામના પ્રચાર માટે સાચી તબલીગ

અરબી ભાષાના શબ્દ તબલીગનો અર્થ થાય છે પ્રચાર. હઝરત મહંમદ સાહેબ(સ.અ.વ.)ના સમયમાં ઈસ્લામની તબલીગ ક્રિયાને એક મિશન તરીકે સ્વીકારવામાં આવેલ. એ યુગમાં ઈસ્લામના મૂળભૂત સિધ્ધાંતોનો અભણ અને અજ્ઞાની લોકોમાં પ્રસાર કરી, તેનો અમલ કરવા લોકોને વનંતી કરવાના કાર્યને તબલીગ કહેવામાં આવતું. મહંમદ સાહેબે ઈસ્લામના પ્રચાર-પ્રસારનું કાર્ય અત્યંત સબ્ર, નમ્રતા અને અભિમાન વગરનું કર્યું હતું. ઈસ્લામના કેટલાક અનુયાયી ઈસ્લામના પ્રચાર માટે તબલીગ કરે છે. દરેક મુસ્લિમ પોતાની રીતે નાની-મોટી તબલીગ કરતો જ હોય છે. પણ તેનો દેખાડો જરૂરી નથી. મૌલાના વહીઉદ્દીનખાન એવા જ એક ઈસ્લામિક વિદ્વાન છે જેમનો જીવન ઉદેશ વિશ્વશાંતિનો છે. અહિંસા એ વિશ્વ શાંતિ માટે અનિવાર્ય છે એમ માનનાર મૌલાના વહીઉદ્દીન સાહેબના પ્રયાસોથી જ ગૂડવર્ડ નામક પ્રકાશન સંસ્થા શરૂ કરવામાં આવી છે. જેમાં મૂલ્ય નિષ્ઠ ઈસ્લામિક સાહિત્યનું પ્રકાશન થાય છે. તેમના દ્વારા જ ભારતની મોટા ભાગની ભાષાઓમાં કુરાને શરીફની પોકેટ આવૃત્તિ પ્રકાશિત કરવામાં આવે છે અને વિના મૂલ્યે તેનું વિશ્વભરમાં વિતરણ કરવામાં આવે છે. તેમના આ કાર્યમાં અનેક નિઃસ્વાર્થ અને સેવાભાવી મુસ્લિમો સહકાર આપી રહયા છે.

૭૧ વર્ષના એ વૃધ્ધ નિવૃત પ્રાથમિક શિક્ષક વકાર અહેમદ સિદ્દીકી થોડા દિવસ પૂર્વે અચાનક મારા ઘરે પણ આવી ચડયા અને મને પણ કુરાને શરીફની ગુજરાતી અને હિંદી ખિસ્સા આવૃતિ આપતા ગયા. તેમણે આપેલ કુરાને શરીફની વચ્ચે એક રંગીન પ્રિન્ટ કરેલ કાગળ પણ હતો. કેટલીક મૂલ્યનિષ્ટ આયાતો તેના નંબર સાથે ગુજરાતી, હિંદી

અને અંગ્રેજીમાં આપવામાં આવી હતી. એ આયાતો સાચ્ચે જ જાણવા અને માણવા જેવી છે.

'અને જો તેઓ સુલેહ તરફ આગળ વધે તો તમે પણ તેના માટે આગળ વધો અને અલ્લાહ પર ભરોસો રાખો. નિઃશંક તે જ સાંભળનાર છે, સર્વજ્ઞાની છે અને જો તેઓ તમને ધોકો આપવા માંગે તો અલ્લાહ તમારા માટે પૂરતો છે.'

'જયારે પણ તેઓ લડાઈની આગ ભડકાવે છે, અલ્લાહ તેને અવશ્ય બુઝાવી નાંખે છે.'

'અને તમને તો જગતવાસીઓ માટે માત્ર દયા કરવા માટે જ મોકલવામાં આવ્યા છે.'

'જેણે ધરતી પર બગાડ અને ઉપદ્રવ ફેલાવ્યા અથવા કોઈ વ્યકિતની હત્યા કરી, તો તેણે સમગ્ર માનવજાતની હત્યા કરી.'

'જો તમે ધીરજ રાખશો અને અલ્લાહથી ડરશો તો તેમની કોઈ યુકિત તમને નુકશાન નહીં કરી શકે.'

'દરગુજર કરો, ભલાઈનો આદશે આપો અને અજ્ઞાનીઓથી કયારેય ન ઉલઝો.'

'ધીરજ રાખો. બેશક અલ્લાહ ધીરજ રાખનારાઓ સાથે છે.'

ટૂંકમાં, ઈસ્લામના પ્રચારમાં દેખાડો જરૂરી નથી. ધીરજ અને નમ્રતા અનિવાર્ય છે. કુરાને શરીફમાં કહયું છે, 'જે લોકો પાસે બીજા ધર્મ પુસ્તકો છે તેમની સાથે ચર્ચા ન કરો અને કરો તો બહુ મધુર શબ્દોમાં કરો.' પછી કોઈ હઠ કરે અને ન માને તો ભલે ન માને. તેમને કહો કે અલ્લાહે જે પુસ્તક અમને આપ્યું છે તેને અમે માનીએ છીએ. અમારો અને તમારો અલ્લાહ એક જ છે અને તે જ એક અલ્લાહ આગળ આપણે માથું નમાવીએ છીએ.'

'તારું અથવા કોઈ પણ રસૂલ(પયગંબર)નું કામ પોતાની વાત સ્પષ્ટ શબ્દોમાં કહી દેવા ઉપરાંત વધારે કંઈ નથી. પછી તેઓ મોં ફેરવીને ચાલ્યા જાય તો ભલે જાય. તારું કામ કેવળ તારી વાત સમજાવી દેવા પૂરતું જ હતું.'

મદીના પહોંચ્યા પછી હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)મદીના બહારના કબીલાઓમાં ધર્મસંદેશ પહોંચાડવા સમજુ અને સહનશીલ માણસોને મોકલતા ત્યારે તેમને ખાસ સૂચના આપતા, 'લોકો સાથે નમ્રતાથી વર્તવું, કોઈ સાથે સખતાઈ ન વાપરવી, તેમનાં દિલ રાજી રાખવાં, તેમનું અપમાન ન કરવું. તેઓ સવાલ પૂછે કે સ્વર્ગની ચાવી કઈ છે ? તો જવાબ દેજો, 'ઈશ્વર-ખુદા એક છે' એ સત્ય અને ભલાઈમાં વિશ્વાસ રાખો અને ભલાં કાર્યો કરવાં એ જ જન્નત-સ્વર્ગની ચાવી છે.'

અત્યંત સબ્ર અને નિરાભિમાની રીતે ઈસ્લામનો પ્રચાર કરનાર મહંમદ સાહેબ(સ.અ.વ.) એક વાર મુઆવઝની દીકરીના નિકાહમાં ગયા. તેમને જોઈને સૌ બાળાઓ તેમના વખાણમાં ગીતો ગાવા લાગી. 'ફીના નબીય્યુન યાસઅલમુ માફીગદી' અર્થાત્ 'અમારી વચ્ચે એક નબી છે જે આવતીકાલની વાત જાણે છે' આ સાંભળી મહંમદ સાહેબ(સ.અ.વ.) તુરંત બોલ્યા, 'જે ગાતા હતા તે જ ગાઓ. આવી વાત ન કરો.'

કુરને શરીફના ત્રીસે-ત્રીસ પારા અર્થાત્ પ્રકરણોમાં અને હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ના સમગ્ર જીવનમાં કયાંય લોકોમાં ધર્મસંદેશ પહોંચાડવા, અભિમાન, બળજબરી, હઠાગ્રહ, ભય, લાલચ, જુઠ્ઠાણું, દંભ, દેખાડો કે અતિશયોકિતનો એક પણ શ્લોક-આયત કે દ્રષ્ટાંત જોવા મળતાં નથી. એટલે જ અરબસ્તાનના અંધકાર યુગમાં પણ મહંમદ સાહેબ (સ.અ.વ.) ઈસ્લામનો સંદેશો સફળ રીતે લોકો સુધી પહોંચાડી શકયા. અને અજ્ઞાનતાના અંધકારમાંથી અરબસ્તાનના વાસીઓને જ્ઞાનના પ્રકાશમાં આણી શકયા.

## • ગુજરાતના સમાજ-સંસ્કૃતિમાં મુસ્લિમ સમુદાય

ગુજરાતના વર્તમાન અને ભૂતકાળમાં થયેલા આર્થિક વિકાસમાં સૌનું પ્રદાન છે એવું કહીએ એ આવકાર્ય છે. પરંતુ રાજયના વિવિધ સમૂહોએ પણ તેનો આગવો ફાળો આપ્યો છે. જો કે આ સંદર્ભની ચર્ચા અને લખાણોમાં મુસ્લિમ સમુદાયના પ્રદાનને ભૂલી જવાય છે અથવા તો નજર અંદાજ કરવામાં આવે છે. રમજાન મહિના દરમિયાન અને શુક્રવારે ઉજવાયેલી ઈદના દિવસે મુસ્લિમ સમાજ અને સંસ્કૃતિ આંખે ઉડીને વળગે છે. રાજયમાં કેટલાક સ્થળોએ આ તહેવારમાં હિન્દુ-મુસ્લિમ એકતાના દર્શન પણ થાય છે. આ સિવાય સમગ્ર વર્ષ દરમિયાન મુસ્લિમ સંપ્રદાય કે ઈસ્લામ વિશેની ચર્ચાઓ ભાગ્યેજ દેખા દે છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે ભારતમાં ઈસ્લામને વિદેશી ધર્મ અને મુસ્લિમોને વિદેશી પ્રજા ગણવામાં આવે છે. સામે એ પણ સત્ય છે કે પારસીઓની જેમ મુસ્લિમો પણ ભારતમાં દૂધમાં સાકર ભળે એમ ઓતપ્રોત થયા છે. આ પ્રક્રિયાને દર્શન આપણને મુસ્લિમોના અનેકવિધ ક્ષેત્રમાં થયેલા પ્રયત્નો અને પ્રદાનમાં જોવા મળે છે.

ગુજરાતમાં મુસ્લિમોની વસતિ ૯ ટકા છે. ભારતના કેટલાક રાજયો જેવા કે પં.બંગાળ, કેરળ, બિહાર, ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ વગેરેમાં મુસ્લિમોની વસતિ ૧૫ ટકાથી પણ વિશેષ છે. તેનો અર્થ એ થયો કે ગુજરાતમાં હિન્દુઓની ભારે બહુમતી વચ્ચે મુસ્લિમ લઘુમતીનું અસ્તિત્વ છે. ગુજરાતમાં કચ્છ, ભરૂચ અને જૂનાગઢ જિલ્લાઓમાં તેઓ અન્ય જિલ્લાઓ કરતાં વધુ છે. એજ રીતે અમદાવાદ, સુરત, વડોદરા શહેરોમાં પણ તેમનું પ્રમાણ ધ્યાનાકર્ષક છે. ગામ અને શહેરની દ્રષ્ટિએ મુસ્લિમો મહદ્અંશે શહેરી પ્રજા છે તેમ છતાં કચ્છ અને ભરૂચ જિલ્લાના અનેક ગામોમાં તેઓ વસતિની દ્રષ્ટિએ મહત્વના છે.

મુસ્લિમો આપણે અગાઉ નોંધ્યું તેમ ભૂતકાળમાં દેશ બહારથી આવ્યા અને શાસકો તરીકે પણ સ્થપાયા.તેને કારણે પણ તેમનો પ્રભાવ દેશભરમાં જોવા મળે છે.પરંતુ ગુજરાતની વાત કરીએ તો રાજયની સિત્તેર ટકાથી પણ વધુ વસતી રાજય બહારથી(ભારતમાંથી) આવીને ઠરીઠામ થયેલી છે. વર્ષ ૧૯૮૦માં એન્થ્રોપોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા ધ્વારા પ્રકાશિત થયેલા પીપલ ઓફ ઈન્ડિયા અભ્યાસ ગ્રંથ શ્રેણીમાં નોંધ્યું છે કે ગુજરાતમાં ૭૦ ટકાથી વધુ સંપ્રદાયોએ પોતે રાજય બહારથી આવેલા છે એમ દર્શાવ્યું છે. ગુજરાતના ૨૮૯ સંપ્રદાયોમાંથી ૧૨૪ હિન્દુ સંપ્રદાયો કે જ્ઞાતિ(કુલ ૧૮૬માંથી) રાજય બહારથી સ્થળાંતર કરીને ભૂતકાળમાં ગુજરાતમાં સ્થાયી થઈ છે. એ જ રીતે મુસ્લિમોના (૮૭ સંપ્રદાયોમાંથી) ૬૭ સંપ્રદાયો અને જૈનોના ૧૨ સંપ્રદાયોએ એ દર્શાવ્યું કે તેઓ મૂળભૂત રીતે ગુજરાત બહારના રાજયો કે પ્રદેશોમાંથી અહીં વસ્યા છે. સપ્રદ એ છે કે ગુજરાતમાં ખેતી સાથે સંકળાયેલા ૭૦ ટકા, માછીમારી કરતા ૭૦ ટકા અને કારીગર સમૂહોના ૪૦ ટકાનું મૂળ વતન અન્ય પ્રદેશોમાં હતું. રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ ભારત બહારથી પણ ગુજરાતમાં ભૂતકાળમાં મોટાપાયા પર સ્થળાંતર થયું

અકારમી સદીમાં પ્રકાશિત થયેલા ‘મિરાતે અહેમદી’ ગ્રંથમાં દર્શાવ્યું છે કે સૈયદોના સમૂહો જેવા કે શિરાજજી, બુખારા, ઈદ્રુસી અને તિરમિરસી પશ્ચિમ અને મધ્ય એશિયાના સ્થળો સાથે સંબંધિત છે. સમગ્ર ભારતમાં ગુજરાતમાં સૌથી વધુ ભિન્ન મુસ્લિમ સંપ્રદાયો વસવાટ કરે છે. જેમાં અનેક પ્રાદેશિક નામો નોંધવાલાયક છે. જેમ કે આરબ, તુર્કી, કાબુલી, મુલતાની, મકરાણી, બલુચી, પઠાણ, સિંધી અને મુઘલ. મુસ્લિમોમાં જોવા મળતું સાંપ્રદાયિક વૈવિધ્ય એ તરફ આપણું ધ્યાન દોરે છે કે તેઓ ગુજરાતમાં સદીઓથી સ્થાયી થયા છે અને દેશ-વિદેશની ભાતીગળ સંસ્કૃતિને પણ સાથે લાવ્યા છે. આ વૈવિધ્યતા અને સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ બિનમુસ્લિમોના ધ્યાન પર ના આવે કે તેને વિસરી જવાય તો રાજયની સાંસ્કૃતિક લાક્ષણિકતાઓ અવશ્ય ઝાંખી પડે. રાજયમાં ઠેર ઠેર આવેલી મુસ્લિમોની મસ્જિદો, મદરેસા કે અન્ય ઐતિહાસિક ઈમારતો ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને પણ દેશભરમાં પ્રતિષ્ઠા અપાવે છે. ‘ખુશ્બુ ગુજરાત કી’માં આ સંદર્ભના સ્થળો અને ઈમારતોને દ્વારકા, અંબાજી, સોમનાથ કે સિધ્ધપુરની સાથે મહત્વ મળવું જોઈએ.

તાજેતરમાં અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિષયના અનુસ્નાતક વિભાગના વિધાર્થીઓને લઈને લેખક ત્યાંની સુપ્રસિધ્ધ જામા મસ્જિદની મુલાકાતે લઈ ગયા. એકસોથી વધુ વિધાર્થીઓ અપવાદ બાદ કરતાં તમામ હિન્દુ વિધાર્થીઓ હતા. પ્રથમવાર જ મસ્જિદમાં તેમણે પ્રવેશ કર્યો. ત્યાંની વિશાળ જગ્યા, ઈમારત, કોતરણી અને

ધર્મભાવના જોઈને તેઓ પ્રભાવિત થયા. વર્ષોથી અમદાવાદમાં રહેતા હોવા છતાં જામા મસ્જીદ પાસેથી વખતોવખત પસાર થવા છતાં તેમણે કદી અંદર ડોકિયું કર્યું ન હતું. પરંતુ રમજાન મહીનામાં આ મુલાકાત બાદ તેઓને ઈસ્લામ અને મુસ્લિમ લોકોનો વિશેષ પરિચય થયો.

હિંદુઓનો તહેવાર દિવાસે, મુસ્લિમોની ઈદ, શ્રાવણ મહિનાના પ્રારંભની સાથે છેક દીવાળી સુધી અનેક તહેવારો ગુજરાત અને દેશમાં પણ ઉજવાશે. આ તહેવારો અનેક રીતે વિભિન્ન ધર્મની સહિયારી સંસ્કૃતિ અને ભાગીદારીના પ્રતિક બની ગયા છે. નજીકના દિવસોમાં હિંદુઓની રક્ષાબંધનની ઉજવણીમાં રાખડી બનાવનારા કારીગરોમાં મુસ્લિમોનું પ્રમાણ નોંધપાત્ર છે. વળી તેઓ ભગવાનને ચઢાવાતી પવિત્રા તેમજ અન્ય સામગ્રીઓ પણ બનાવે છે. મકરસંક્રાંતિનો પતંગ ઉડાડવાનો આનંદ મુસ્લિમોની પતંગ કારીગરી સિવાય ફિકકો જ લાગે. વસ્તુઓ બનાવવાની કારીગરી મુસ્લિમો પાસે છે તેનો સમગ્ર લાભ સમાજને મળી રહયો છે એ ન ભૂલવું જોઈએ. વળી મહેનત-મજૂરીવાળી કારીગરી જેમાં વાહન રીપેરીંગ પછી તે સાયકલ, ટુ-વ્હીલર કે મોટરકાર કેમ ના હોય. તેમાં તેઓની કર્મઠતા અને પ્રામાણિકતાનો સૌને અનુભવ છે.

ગુજરાતને વેપાર અને ઉદ્યોગ સાથે વિશેષ સંબંધ છે એવું રટણ આપણે કરીએ ત્યારે એ યાદ રહે કે તેમાં મુસ્લિમ વેપારીઓ અને સ્વરોજગાર કરનારાઓનો નોંધપાત્ર ફાળો છે. કાપડ અને કાગળ કે પછી નાની-મોટી દુકાનોમાં ચીજવસ્તુઓનો વેપાર એ સૌમાં વોરા અને ખોજાઓની ભૂમિકા કોનાથી અજાણી છે. આજથી સવાસો વર્ષ પૂર્વે ૧૮૬૧ અને ૧૮૭૪માં સુરતમાં કાપડની મિલ મુસ્લિમોએ શરૂ કરી હતી. હાલના સમયમાં સુરત કાપડ ઉત્પાદનમાં ઘણા દેશોમાં નામાંકિત છે તેનો યશ મુસ્લિમ ઉદ્યોગ સાહસિકોને જાય છે. એ જ રીતે અમદાવાદમાં તૈયબજી પરિવારે વર્ષે ૧૯૧૨માં કાપડની મિલ શરૂ કરી હતી.

વેપાર-ઉદ્યોગમાં પરિશ્રમ અને આગવી સૂઝબૂઝના દર્શન મુસ્લિમોએ કરાવ્યા તો સાથે પોતાની કોમને સ્થિર કરવામાં પણ તેઓ કદી પાછા નથી પડયા. શિક્ષણમાં ઉર્દૂ-અરબી વાંચતા-લખતા તો સૌને કર્યા તેની સાથે આધુનિક શિક્ષણમાં ધીમી અને મકકમ ગતિએ આ સંપ્રદાય આગળ વધી રહયો છે. સુરતમાં સ્થપાયેલી ઈસ્લામ અભ્યાસની યુનિવર્સિટી અને વોરા,ખોજા અને મેમણ જેવી વેપારી મુસ્લિમ પ્રજાએ શ્રીમંતાઈની સાથે આધુનિક શિક્ષણને વિશેષ મહત્વ આપ્યું. બદરૂદીન તૈયબજી જેઓ વોરા સંપ્રદાયના અને મૂળ ખંભાતના હતા તેઓએ ૧૮૭૬માં 'અંજુમને ઈસ્લામ'ની સ્થાપના કરી મુસ્લિમ બાળકો, કિશોરો અને યુવાનો માટે શિક્ષણના દ્વાર ખોલી આપ્યા હતા. જૂનાગઢમાં વઝીર બહાઉદીને વર્ષે ૧૮૮૦માં શાખા અને પાછળની કોલેજ શરૂ કરી જે આજે બહાઉદીન કોલેજના નામે રાજયભરમાં જાણીતી છે. અમદાવાદમાં વર્ષે ૧૮૮૪માં અંજુમને ઈસ્લામ દ્વારા પ્રથમ ઉર્દૂ શાળા શરૂ થઈ. જેમાં ૧૫૨ વિધાર્થીઓ દાખલ થયા. તમને જાણીને આશ્ચર્ય લાગશે કે છેક ૧૮૯૪માં અંજુમને ઈસ્લામે અમદાવાદમાં શૈક્ષણિક કોન્ફરન્સનું આયોજન કર્યું અને તેમાં દેશભરના એકવીસ શહેરોના પાંચસો પ્રતિનિધીઓએ મુસ્લિમોમાં શિક્ષણ વિકાસના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી.

શ્રમ, ઉદ્યોગ, વેપાર અને શિક્ષણમાં ગુજરાતને મોટું યોગદાન આપનાર મુસ્લિમ સંપ્રદાય આજે રાજયમાં રાજકીય પ્રતિનિધિત્વના ક્ષેત્રે છેવાડે છે. ભારતીય જનતા પક્ષના રાજમાં છેલ્લી બંને વિધાનસભાની ચૂંટણીઓમાં એક પણ મુસ્લિમ ઉમેદવાર ભાજપને પસંદ ના પડયા. દલિતો, આદિવાસીઓ અને અન્ય પછાતવર્ગોને તો રાજકીય પ્રતિનિધિત્વ માટે અનામતની જોગવાઈ છે તેના પરિણામે તેઓનું યોગ્ય પ્રતિનિધિત્વ થાય છે. પરંતુ ગાંધી અને સરદારના ગુજરાતમાં મુસ્લિમો રાજકીય સભાથી ઠીક ઠીક વંચિત છે.

દેશભરમાં ગુજરાત જ એક એવું રાજય છે જેમાં સમયાંતરે (૧૯૬૯, ૧૯૮૫, ૧૯૯૨ અને ૨૦૦૨)માં હિંદુ-મુસ્લિમ સંઘર્ષો થયા અને તેમાં મુસ્લિમોએ ઠીક ઠીક વેઠવાનું અને ગુમાવવાનું આવ્યું છે. વર્ષે ૧૯૬૯ના કોમી તોફાનો બાદના જસ્ટીસ રેડ્ડી કમિશનનો અહેવાલ, વર્ષે ૧૯૮૫ના તોફાનો બાદનું જસ્ટિસ દવે કમિશન અને ૨૦૦૨ના કોમી સંઘર્ષો બાદના માનવ અધિકાર પંચના અહેવાલો તપાસીશું તો સમજાશે કે છ કરોડની વસ્તીવાળા ગુજરાતમાં મુસ્લિમોના પ્રદાનને વિસરાઈ જવાયું અને સાથે તેઓનું આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક અસ્તિત્વ જોખમમાં મૂકાયું. આશા છે ગુજરાતમાં સર્વધર્મ સમભાવનું વાતાવરણ સર્જાશે.

# ... ક્ષણેક્ષણ જીવીએ ...

જીવન જીવવા માટે નાણાની જરૂર પડે છે સુખ પ્રાપ્તિ માટે સગવડની જરૂર પડે છે જગ આખાનો આ દ્રષ્ટિકોણ છે, ત્યારે જીવનને ધબકતું રાખવા માટે શાની જરૂર છે એ અંગેની કોઇ ચર્ચા જ થતી નથી. સરઘસના સ્ટીકમેન કે હેંટરમેનનાં ઇશારે જેમ પ્રાણી કરતબો બતાવે છે તેમ માનવી માલીક કે તે પોતાના બોસના ઇશારે સામાજીક , આર્થિક કાર્ય રૂપી કરતબોને અંજામ આપે છે. સમસ્યા બંનેની એક જેવી જ છે.પ્રાણીને માલીક ભૂખો રાખશે એવો ડર છે, ને માનવીને ઘરમાં ચુલો નહિ સળગે એનો ડર છે. સરવાળે બેય સરખાં. અને સરખાપણું હોય એ શક્ય બાબત છે કેમકે આખરે માનવી પણ એક સામાજીક પ્રાણી જ છે ને ! આજે બધાં જ જીવનમાં કંઇક કરી બતાવવાના મૂડમાં છે. અને કોઇએ પણ હારવું પણ નથી. બધાએ જ સફળ થવું છે અને આ સફળ થવાની લ્હાયમાં જીવવાનું ભૂલી જાય છે. એ બાબતનો એને કદી વિચાર શુધ્ધા આવતો નથી.

જેમ, જીવન જીવવા અર્થ એટલે કે નાણું અને સુખાકારી માટે સગવડો આવશ્યક છે તેમ જીવનને ધબકતું રાખવા અને માણવા માટે કલા કે આવડત હોવી આવશ્યક છે. કલાને તમે સંકુચિત અર્થમાં ન લેશો. કલા એ પોતાના અંદર જ એક વિશાળ અર્થ ધરાવે છે. અને અહિ કલાનો સાદો અર્થ જણાવુ તો આવડત અથવા હુનર. તમે જીવનમાં એક કાર્ય એ કરો છો જે તમારો બોસ કહે છે, ને તેમાં તમે થાકી જાઓ છો તો એ થાક હળવો કરવા માટે એક કાર્ય તમને ગમતું કરો. અને દિલથી કરો. રિલેકસ ફિલ કરશો.

આપણી સમસ્યા એ છે કે આપણે ઘડિયાળનાં કાંટે ભાગવા ભાગવામાં જીવનનો ક્ષણિક આનંદ પણ લઇ શકતા નથી. આપણા મોટાં શહેરોમાં જાવ સવાર સવારમાં કૃત્રિમ હાસ્યની પરેડો ચાલતી હોય છે.હાથ કમરની મુવમેન્ટ સાથે. અને નીરસતાં એટલી હદે વ્યાપી ગઇ હોઇ કે સાંઇરામ દવે, સંજય રાવલ જેવાં પ્રફુલ્લિત અને મોટીવેશનલ સ્પીકરો કે જે આજે લોકોમાં આત્મવિસ્વાસ અનેજીવનને સારી રીતે જીવવા અને માણવાની જ સમજણ સમાજમાં કેળવાય તે માટેનું સરસ કામ કરી રહયા છે, તેમને નિમંત્રિત કરીને સમાજ ઉત્થાન માટેનાં સરાહનીય સેમીનારો યોજવામાં આવી રહયા છે. આ સઘળા મહાનુભવોએ કેમ સમાજમાં માણસને સાચુ જીવતા શીખવવાનું બીડું ઝડપ્યું છે ? કારણ કે, માણસ પોતે રોજબરોજનાં કાર્યોમાં એટલો તો વ્યસ્ત થઇ ગયો છે કે,તે ક્ષણિક પોતાનાં માટે જીવવાનુંય ભુલી જ ગયો છે. અને તેના કારણે જ આજે સ્થિતિ એવી નિર્મિત થવા પામી છે કે, સારું કમાઇએ છીએ છતાં એમ થયાં કરેકે હજી કઇંક ખૂટે છે,સારા મકાનમાં રહીએ છીએ છતાંયે શાંતિ ને સુખનો ખાલીપો વર્તાય છે. કારણ કે, આપણે બધા જ ભૌતિક સગવડોમાં સુખ સંપન્નતા શોધવા માટે નીકળયા છીએ જે ત્યાં છે જ નહિ.ભૌતિક સુખસગવડનાં સાધનોની ઉપ્લબ્ધી એ સફળ જીવનની દિશાધારા નથી.

કાર લકઝરિયસ હોય કે નોન લકઝરિયસ એ સફર કરવાના કામમાં જ આવે. ભૌતિક સગવડોનો સાથ તો સફર પૂરતો જ છે. નાણાથી તમે છ ઇંચનો ગાદલો ખરીદી શકો પણ ઉંઘ નહિ. કબાટમાં ગમે એટલા કપડાઓનો ભંડાર પડયો હોય શરીર પર એકથી વધારે જોડી પહેરી શકાતા નથી. વટકટ એ કાંઇ તમારુ વ્યકિતત્વ ઉજાગર કરતો નથી. તમે કેવા છો એતો તમારા સંસ્કારો અને વિચારોથી છતું થાય છે. તમારી પરિસ્થિતિ તમે સુધારવામાં સફળ થયા છો કે નહિ તે પછીની વાત છે પણ તમે દરેકે દરેક પરિસ્થિતિમાં કેવુ જીવો છો એ મહત્વની ટચમૂળની વાત છે.અને તમારું સુખ-દુઃખ તમે કેવી રીતે હેન્ડલ કરોછો એ મહત્વનું છે.જીવનની પળોજણ તમે કેવી રીતે વિતાવો છો એ નોંધનીય બાબત છે. જીવનમાં તમે હજારો ક્ષણ જીવો છો પણ ક્ષણમાં કેટલું જીવો છો અને ક્ષણને કેવી રીતે જીવો છો એ મહત્વ ધરાવે છે. કઠણાઇ એ છે કે, જીવન આપણું છે અને કેવી રીતે જીવવું એ બીજા નકકી કરે છે. જીવનની દરેક પળ અને ક્ષણેક્ષણ આપણે ઉધાર જીવવા ટેવાયલા

છીએ.આપણે શું કરવું, કયાં જવુ અને કયાં ન જવું, શું ખાવુ અને શું ન ખાવુ,કોને મળવું કોને ન મળવું, કયાં રહેવુ કયાં ન રહેવું, બલ્કે કેવા કપડા પહેરવા , કયાં બેસવું કયાં ન બેસવું આ બધું બીજાનકકી કરે! બાળકોની બાબતમાંય આપણે ઉધાર વિચારધારા અપનાવી છે. એ શું ભણશે અને ક્યાં ભણશે એય બીજાનકકી કરે છે. બાળક અપણું અને રમાડી કોઇ બીજું જાય!

આપણે સહુ એટલી તો ઉધાર વિચારધારાની સાથે જીવીએ છીએ કે આપણા જીવનની ક્ષણેક્ષણ આપણે બીજાને બતાવવામાં વેડફી નાંખીએ છીએ. કે આપણે સારા કપડા પહેરીને બહાર નીકળીએ તો પણ મનોમંથન તો એ જ હોય છે કે સામેવાળાને હું સારો લાગવો જોઇએ. આપણે સારા કપડા પહેરીને બીજાને નહિ આપણને ખુદને ગમવા જોઇએ આવી સમજણ આપણામાં કેળવાતી જ નથી. આપણે સૌ બીજાને બતાવવા એટલું જીવી લીધુ છે કે પોતાના માટે જીવવાનું તો જાણે ભુલી જ ગયા છીએ.

એક વ્યકિત એક સંત પાસે આવ્યો અને એમને અરજ કરી કે મને હરહંમેશ એવું લાગ્યા કરે છે કે લોકોમાં મારુ માન નથી. કંઇક એવી તાવીજ આપો કે લોકોમાં મારું માન વધી જાય. સંતે કહયું કે, તમે તમારી જાત સાથે પ્રેમ કરો અને તમે તમારી જાતને માન આપવાનું શરુ કરી દો. સંકટ એ છે કે આપણે એ છે કે આપણે આપણી જાતને પ્રેમ કરતાં જ નથી અને આપણે આપણી જાતને બીજાની નજરથી જ નીહાળવાનો પ્રયત્ન કરીએ છીએ.આપણે આપણી જાતને માટે એટલા તો ડિપેન્ડેટ છીએ કે જીંદગીના અસ્તકાળે પણ આપણે આપણી જાતને ઓળખી શકતા નથી. આ એક કળવી વાસ્તવિકતા છે. લોકો માં શું પડેલું છે અને તેમનામાં કેવા કૌશલ્યો પડેલા છે એનું જ્ઞાન આપણને સૌને છે પણ આપણામાં શું પડેલું છે અને આપણને કુદરતે કેવા કૌશલ્યો અને ખુબીઓનાં માલીક બનાવ્યા છે તે ઓળખવામાં તો આપણે નિષ્ફળ જ નિવડયા છીએ. અન્યોએ શું શું સિધ્ધીઓ પ્રાપ્ત કરી છે એનું સ્મરણ છે પણ આમ આપણે શું કરી શકીએ એ વિચારશુધ્ધાથી આપણે આપણે કોશો દૂર છીએ. અને આજની આ સમાજ વ્યવસ્થામાં આ સામાન્ય બાબત છે.અને આપણને આપણી જાત કરતાં બીજા પર અપાર ભરોસો છે.

જીવનમાં કઇક ન હોવાનો કે કઇક ખૂટે છે એનો આભાસ ત્યારે વર્તાય છે જયારે વ્યકિતને પોતાની જાતમાં વિશ્વાસ હોતો નથી. પરવિસ્વાસનો પારો જયારે આત્મવિસ્વાસ કરતાં ઊંચો જાય ત્યારે જ તો જીવનમાં ખાલીપો વર્તાય છે. અને ખાલીપો ત્યારે વર્તાય છે જયારે બીજાની માલીકીની સારી વસ્તુઓ પર નજર સાંપની માફક આંટાફેરા મારવા માંડે. ને એક વાત સમજી લઇએ કે આપણે આપણા દુઃખ થી એટલા દુઃખી નથી જેટલાં કે લોકોના સુખથી દુઃખી છીએ. આપણને સહુને આપણું દુઃખ એટલું પરેશાન નથી કરતું જેટલું લોકોનું સુખ પરેશાન કરે છે. તેથી સુખી રહેવાનો સામાન્ય ઉપચાર એ છે કે કુદરતે તમને જે આપ્યુ છે તેમાં ખુશ રહો અને જો તમને તે જોઇએ જછે તો તે મેળવવા માટેના હલાલ અને હકારાત્મક પ્રયત્નો કરો.

આપણને કુદરતે ઘણું આપ્યું છે છતાં આપણે દુઃખી એટલા માટે છીએ કે આપણને સહુને કુદરતે આપેલી વસ્તુઓમાં સંતોષ અને શુકર નથી, તેની કદર નથી. વસ્તુ પાસે હોય ત્યારે તેની કદર થતી નથી. પણ તે વસ્તુનું મહત્વ પણ ત્યારે સમજાય છે જયારે તે વસ્તુ છીનવાય જાય છે.આમ જે છે તેની સાથે જીવવા આપણે ટેવાયેલાં નથી અને હજી વધુ મેળવવાના ચકકરમાં ક્ષણિક જીવવાનું ભૂલી જઇએ છીએ.સંતોષી નર સદાસુખી રહે છે અને અસંતોષી કે વિઘ્ન સંતોષીનો પેટનો ખાડો કયારેય ભરાતો જ નથી. ઠંડીમાં પોતાનાં બાળકના શરીર ઉપર ઘાસ અને પેપરના પાના ઓઢાડી રહેલાં ગરીબ બાપને છોકરો કહે છે કે જેની પાસે ઘાસ પણ ન હશે તેનું શું થતું હશે ? તો આનું નામ સંતોષ છે કે જે હંમેશા સુખ આપે છે. તેથી હવે જયારે જીવનમાં કંઇક પણ ખાલીપો વર્તાય ને ત્યારે જે આપણી પાસે છે અને બીજા પાસે નથી તેનો વિચાર કરવો. તમામ દુઃખ દૂર થઇ જશે ને ક્ષણેક્ષણ જીવવાનો આનંદ મળશે.

( પટેલ મહમદસાલેહ. - ...નૂર લિંડીયાતવી...)

## એક ભૂલની અસર કયારેક વર્ષો સુધી ભૂંસાતી નથી

મહિનાઓના લોકડાઉન પછી પ્રજા થાકી ગઈ હતી. એમાં સરકારે અચાનક જાહેર કર્યું કે ફલાણી તારીખે લોકડાઉન ઉઠી જશે. દુકાનો ખુલી ગઈ, ખરીદી માટે લોકોની લાઈન લાગી ત્યાં અચાનક જાહેરાત થઈ કે સરકારની ભૂલ થઈ છે. લોકડાઉન ચાલુ છે લોકો દુઃખી થઈ ગયા. વહીવટી તંત્રની એક ભૂલથી રાજકોટ, અમદાવાદ, વડોદરા અને સુરતની પ્રજા પારાવાર પરેશાન છે.

માણસ એ મનુષ્ય છે અને મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે. કોઈ માણસ એમ કહે કે જીંદગીમાં મેં કોઈ ભૂલ જ કરી નથી તો કાં એની વાતમાં વિશ્વાસ નહીં કરવો જોઈએ અને કાં એને માણસ નહીં ફરિસ્તો ગણવો જોઈએ. જીવનમાં નાની-મોટી ભૂલો કરે એનું નામ જ માણસ. પણ એને એ ભૂલો કરવાની આઝાદી હોવી જોઈએ. અને એ ભૂલમાંથી શીખવાની એની તૈયારી હોવી જોઈએ. અલબત્ત, કયારેક એક નાનકડી ભૂલ જીવનમાં મોટી કરુણતાનું નિમિત્ત બની રહે છે.

અમેરિકાના સર્વસત્તાધીશ રાષ્ટ્ર પ્રમુખ નિકસન બહુ મહેનતે બે વાર હારી ગયા પછી ત્રીજા પ્રયત્ને રાષ્ટ્રપતિ બન્યા અને એમની જીવનભરની મહત્વકાંક્ષા પૂરી થઈ. પણ મહામહેનતે મળેલી ખુરશી સાચવતાં ન આવડી. પોતાના વિરોધીઓની જાસૂસી કરવા માટેનું કાવતરું કરવાની ભૂલ કરી અને એમની કારકિર્દી ખતમ થઈ ગઈ. એક ભૂલ કર્યા પછી એનો એકરાર કરવાને બદલે બીજી ભૂલો કરતા જ રહયા, જૂઠ્ઠાણા ઉચ્ચારતા જ રહયા અને અંતે સત્તા ખોવી પડી, હોદ્દા પરથી ઉતરી ગયા પછી એક જૂઠા રાષ્ટ્રપતિનું કલંક લાગી ગયું. લોકો એમને મકાન ભાડે આપવા પણ તૈયાર ન હતા.

પણ નિકસન પછી અનેક વર્ષે રોનાલ્ડ રીંગન જયારે ઈશન ગેટ કૌભાંડમાં સપડાયા ત્યારે ઈતિહાસમાંથી બોધપાઠ લીધો અને રાષ્ટ્રની પ્રજા જોગ પ્રવચન કરીને લોકોની માફી માંગી લીધી અને જવાબદારોને સજા થઈ ત્યારે કોઈને બચાવવાની કોશિષ કરી નહીં.

ભૂલ એમણે પણ કરી, પણ ભૂલની સજા ભોગવવાનો વારો ન આવ્યો. ભારતમાં શ્રીમતિ ઈંદિરા ગાંધીએ સત્તા બચાવવા માટે ૧૯૭૫માં કટોકટી લાદી અને લોકશાહીને ગળે ટૂંપો દીધો. પણ એમને એ ભૂલની પ્રજાએ એવી સજા કરી કે વર્ષો સુધી જાહેરમાં બોલતાં રહયા કે હવે હજાર વર્ષમાં પણ કદી કટોકટી ફરીથી લાદવાની કોશિષ નહીં કરું ? ઈતિહાસની એક નાનકડી ભૂલ કયારેક સમગ્ર રાષ્ટ્રને માટે ભારે આપત્તિજનક બની જાય છે. ૧૯૭૩માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખપદે કે.કામરાજ હતા અને એમની સિન્ડીકેટ મોરારજી દેસાઈને વડાપ્રધાન બનવા દેવા માંગતી નહોતી. લાલબહાદુરના અવસાન પછી વડાપ્રધાન પદ ખાલી પડયું અને તત્કાળ કોઈની નિમણૂંક અનિવાર્ય હતી. અંતે એમણે સમય પસાર કરવા માટે એક વચગાળાનો નિર્ણય લીધો અને શાસ્ત્રી કેબિનેટમાં માહિતી ખાતાનું મહત્વ વિનાનું ખાતું ધરાવતા ઈંદિરા ગાંધીને વડાપ્રધાન બનાવી દીધા ! અહૃમની મારફત સિન્ડીકેટ રાજય કરે અને દરમિયાન નવા વડાપ્રધાનનો નિર્ણય લેવાય એવી મૂળ યોજના હતી. પણ આ એક ભૂલ કોંગ્રેસને અને દેશને ભારે પડી ગઈ. કોંગ્રેસના જ ભાગલા પડયા. ઈંદિરાબેને એમને સત્તા સ્થાને બેસાડનાર લોકોને જ હાંકી કાઢયા અને ૧૭ વર્ષ શાસન કર્યું. બેંકોનું અને વિમાનોનું રાષ્ટ્રીયકરણ કર્યું અને ચારે બાજુ લાયસન્સ પરમીટનું સામ્રાજય સ્થાપી દીધું. ભ્રષ્ટાચારનો માર્ગ મોકળો બન્યો. જાહેર જીવનમાંથી નીતિમત્તાનું ધોવાણ થઈ ગયું. પક્ષીય શિસ્તના ફૂરચા ઉડી ગયા. અબજો રૂપિયાનું સંરક્ષણ બજેટ અને અબજો રૂપિયાની કટકી શરૂ થઈ. આજે આપણે ચારેબાજુ દેશને સમસ્યાઓથી ઘેરાયેલો જોઈએ છીએ એના મૂળમાં આ એક ભૂલ રહેલી છે. એટલે સુધી કે કોમવાદને પણ એમણે જ ભડકાવ્યો અને વોટબેંકની ખતરનાક નીતિ શરૂ કરી. અને ચૌધરી ચરણસિંઘ તેમજ ચંદ્રશેખર વડાપ્રધાન પદની ખુરશી પર બેસવાની ઉતાવળમાં કોંગ્રેસનો ટેકો મેળવવાની ભૂલ કરી બેઠા અને ઈતિહાસમાં સત્તાલોલૂપ માનવો તરીકે કુખ્યાત બની ગયા. ચરણસિંઘની ભૂલ નજર સામે હોવા છતાં ચંદ્રશેખરે એ જ ભૂલ દોહરાવી.

જેમ એક ભૂલ જીવનમાં લાંબા સમયની આપત્તિનું નિમિત્ત બને છે. તેમ એક સાચો નિર્ણય આવી આપત્તિમાંથી છૂટકારો પણ અપાવે છે. ઈલ્યાસુસ્લોવ નામના ગૃહસ્થને

ધુમ્રપાનની ભયંકર ટેવ પડી ગઈ. રાત-દિવસ, ઓફિસમાં, ઘરમાં એમને ધુમ્રપાનની આદત થઈ ગઈ હતી. ધુમ્રપાન કરનારને હોટલમાં પ્રવેશ નથી મળતો. જાહેર સમારંભોમાં પણ પ્રવેશબંધી છે. એરપોર્ટ ઉપર પણ સિગારેટ પીવાની મનાઈ છે. હવે તો અમુક કંપનીઓ તો સિગારેટ પીનારાને નોકરી પણ નથી આપતી ! એનો મેડિકલ ઈન્સ્યુરન્સ પણ કોઈ કંપની ના લે. આવા સાર્વત્રીક બહિષ્કારની વચ્ચે ઈલ્યાએ ધુમ્રપાન છોડવાનું નકકી કર્યું. પણ આખા શરીરમાં નિકોટીનનું ઝેર ફેલાઈ ગયું હોય ત્યાં એને એકદમ છોડવાનું ભારે મુશ્કેલ બને જ. અંતે એમણે કોમ્પ્યુટરની મદદ લીધી. અમેરિકામાં કેટલીક કંપનીઓએ એવા કોમ્પ્યુટર બનાવ્યા છે કે જે માણસની ટેવોનો અભ્યાસ કરીને ધીમેધીમે બે ધુમ્રપાન વચ્ચે કેટલો ગાળો રાખવો અને કઈ રીતે વધારતો જવો એ સૂચવે છે. ઈલ્યાએ આ કોમ્પ્યુટરની મદદ લીધી અને આજે એ સંપૂર્ણપણે ધુમ્રપાનથી મુકત છે. પણ સિગરેટની ટેવ છોડી ત્યાં સુધીમાં એણે ૪૫ વર્ષમાં ૩૨૮૫૦ એની પાછળ વેડફી નાખ્યા હતા. એક ભૂલ કરી ગયા પછી એને સુધારવા માટે જો યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાય તો એનાં દુષ્પરિણામોને નિવારી શકાય છે. પણ, જયારે બે સમવયસ્ક મિત્રો કે સંબંધીઓ વિષે ભૂલ એ વિવાદનું નિમિત્ત બને ત્યારે પ્રશ્ન અહ્ર થાય છે કે કોણ ભૂલ સ્વીકારે ? અને, કોણ પહેલ કરે ? કયારેક બંને પક્ષ સમજતા હોય કે બંને એ થોડી થોડી ભૂલ કરી છે પણ અંદરનો અહંકાર એના સ્વીકારમાં અંતરાય બને છે.

ગાંધીજીએ આત્મકથામાં પોતાની નાની ભૂલો મોટી અને હિમાલય જેવડી ભૂલોનો એકરાર કર્યો છે. પોતાની ભૂલોને હિમાલય જેવડી ભૂલ કહેવામાં જે સચ્ચાઈ અને નિરાભિમાન છે એ સચ્ચાઈ અને એ નિરાભિમાન બધા માણસો કેળવી શકતા નથી. કેટલાક માણસો તો પોતાની ભૂલોનો બચાવ એ રીતે કરે છે જાણે એ પોતાના વારસાનું રક્ષણ કરી રહયા હોય ! આ વાકય એડમંડ બર્કનું છે, અને કેટલું સાચું વાકય છે ! વાસ્તવમાં ભૂલ કરી નાંખ્યા પછી એનો નિખાલસ એકરાર કરી લેવાથી એ ભૂલની ધાર બુઠ્ઠી થઈ જાય છે.

કયારેક આપણે ખૂબ નિખાલસ અને નમ્ર દેખાવા માટે નાની નાની ભૂલો અને શરતચૂકનો સામેથી એકરાર કરી લેતા હોઈએ છીએ ! આવો માણસ કોઈ બહુ મોટી ભૂલ કરે ત્યારે પોતાના બચાવમાં દલીલ કરશે કે હું તો હંમેશા મારી નાની ભૂલ પણ સ્વીકારી લઉં છું તો પછી આમાં શા માટે ન સ્વીકારું ? પણ, અહીં મારી ભૂલ છે જ નહીં ! પણ ભૂલ કરવી, કે સ્વીકારવી એમાં કયાંય બનાવટી તર્ક કે વિકૃત દલીલબાજીનું સ્થાન નથી. ભૂલ એ ભૂલ જ. અલબત્ત, એ ભૂલ ઈરાદાપૂર્વક થઈ છે કે બિલકુલ ગેરસમજમાં કે પછી નિર્દોષભાવે જ થઈ છે એ મુદ્દો જરૂર ધ્યાનમાં લેવો જોઈએ.

કયાંક મારી ભૂલ થઈ જશે તો ? એવા ભયથી કેટલાક લોકો કોઈ નિર્ણય જ લેતા નથી. અને જેમાં નિર્ણયો લેવા પડે એવા હોદ્દા પર પણ બેસતા નથી. પણ કોઈ નિર્ણય ન લેવો કે બિલકૂલ નિષ્ક્રિય બનીને બેઠા રહેવું એના કરતાં તો ભૂલ ભરેલો પણ નિર્ણય લેવો સારો. મહત્વાકાંક્ષી માણસોને નિર્ણયો લેવા જ પડે છે. અને નિર્ણયો લઈએ એટલે ભૂલ થવાની સંભાવના આપોઆપ જ વધી જાય. ભૂલ કરીએ તો જ એ સુધારવાની તક મળે અને આમ કરતાં કરતાં જ માણસ પ્રગતિના માર્ગે આગળ વધે અને ભૂલ યુવાનીમાં જ થાય એવું જરૂરી નથી, બુઢાપામાં પણ થાય. નિવૃત્તિને આરે પણ થાય અને ગમે તેવા બાહોશ કે ચતુર માણસો પણ કયારેક ભૂલ કરી શકે. હિટલર હોય કે નેપોલિયન કે પછી સિકંદર, આ બધાએ પણ ભૂલો કરી હતી અને ગાંધી, લિંકને પણ ભૂલો કરી હતી.

કોઈ માણસ કેટલો નિખાલસ, વિવેકી અને નમ્ર છે એન માપવાનો એક જ જોરદાર માપદંડ આ છે. એ પોતાની દેખીતી ભૂલનો જ માણસ ખોટો બચાવ કરતો રહે, એ નિખાલસ માણસોની યાદીમાં રહેવાને લાયક નથી. ભૂલનો એકરાર કરવો જ નહીં, પણ કોઈ દલીલ વગર, પ્રયત્ન વગર સામેનો માણસ એ ભૂલ તરફ આંગળી ચીંધે એ પહેલાં જ આત્મપ્રતિતિને લીધે જ જે માણસ સામેથી ભૂલ સ્વીકારે છે એનામાં મહાનતાના બધા ગુણો છે. આવો માણસ ભૂલ કબૂલીને બેઠો ન રહે. પણ એનું પ્રાયશ્ચિત કરવા માટે થોડી શિક્ષા પણ પોતાની જાતને કરે. અને જે માણસ પહાડ જેવી ભૂલો કર્યા પછી એનો લુલો બચાવ કરતો રહે એને આત્મપ્રેરણાની દુનિયામાં રહેવાની પૂરી આઝાદી આપવી જોઈએ. અંદરથી પોતાનું અંતર જે વાત પોકારી પોકારીને કહેતું હોય એ જ વાત હોઠ પર આવે ત્યારે દાબી દેવી, એ વૃત્તિને શું કહેશું ? આવી આત્મછલનામાં જીવતા લોકોને દયા ખાઈને માફ કરી દેવા જોઈએ.

## • કુરાને શરીફનું સંકલન

એક વાત ઈસ્લામમાં જાણીતી છે કે હઝરત મહંમદ(સ.અ.વ.) સાહેબ પર વહી દ્વારા ૨૩ વર્ષ સુધી જે આયાતો ઉતરી તેનું સંકલન એ જ કુરાને શરીફ. પણ મહંમદ સાહેબ પર વહી ઉતરતી હતી ત્યારે તેને નોંધનાર કે તેને કંઠસ્થ રાખનાર જૂજ સહાબીઓ હતા. પયગંબર સાહેબની વફાત પછી પયગંબરીના જુઠ્ઠા દાવેદારો, ઈસ્લામના વિરોધીઓ અને ઝકાતનો ઈન્કાર કરનારાઓ સાથેના અનેક સંઘર્ષોમાં કુરાને શરીફની આયાતો જાણનાર અનેક હાફિઝો શહીદ થઈ ગયા. ખાસ કરીને યમામાની ભયંકર લડાઈઓમાં એટલા બધા હાફીઝો શહીદ થઈ ગયા કે હઝરત ઉંમર(ર.અ.)ના મનમાં ભય ઉત્પન્ન થયો કે આવી રીતે કુરાને શરીફની આયાતો કંઠસ્થ રાખનાર સહાબીઓ શહીદ થશે તો કુરાને શરીફનો મોટો ભાગ નષ્ટ થઈ જશે.

હઝરત અબુબક્ર(ર.અ.)મહંમદ સાહેબ (સ.અ.વ.)ની વફાત અર્થાત્ અવસાન પછી ઈસ્લામના પ્રથમ ખલીફા બન્યા. તેમનું અંગત જીવન અને ચરિત્ર અત્યંત શુધ્ધ હતા. તેઓ પાબંદ નમાજી હતા. જયારે હઝરત ઉમર ઈસ્લામના બીજા ખલીફા હતા. તેઓ પણ અત્યંત પવિત્ર અને ઈસ્લામના પ્રખર અનુયાયી હતા. હઝરત અબુ બક્ર અને હઝરત ઉમર વચ્ચે એક અદભૂત સમજદારી અને સાતત્ય હતું. પ્રથમ ખલીફા હોવા છતાં હઝરત અબુ બક્ર હઝરત ઉમરને ખૂબ માનતા હતા. હઝરત અબુ બક્રના ખલીફા તરીકેના સવા બે વર્ષના શાસનકાળ દરમિયાન તેમણે હઝરત ઉમરના અભિપ્રાયો અને સૂચનોનું બાઈજજત અમલીકરણ કર્યું હતું. અને એટલે જ જયારે પોતાનો ઉત્તરાધિકારી નિયુકત કરવાનો સમય આવ્યો ત્યારે તેમણે હઝરત ઉમરનું નામ જ સૂચવ્યું હતું.

હઝરત અબુ બક્રના શાસનકાળ દરમિયાન જ હઝરત ઉમરને કુરાને શરીફની તમામ આયાતોને એકત્રિત કરવાનો વિચાર આવ્યો હતો. તેમણે એ વિચાર ખલીફા હઝરત અબુ બક્રને જણાવ્યો. હઝરત ઉમર(ર.અ.)ના આ વિચાર સાથે આરંભમાં ખલીફા હઝરત અબુ બક્ર સંમત ન હતા. તેમની દલીલ હતી, 'જે કામ અલ્લાહના રસૂલ હઝરત પયગંબર સાહેબ (સ.અ.વ.)એ નથી કર્યું એ કાર્ય આપણે કેવી રીતે કરી શકીએ ?

પરંતુ હઝરત ઉમર તેમને કુરાને શરીફની આયાતોને એકત્રિત કરવા પ્રેરતા રહયા અને કહેતા રહયા, 'અલ્લાહના રસૂલ મહંમદ સાહેબ(સ.અ.વ.) પર વહી દ્વારા ઉતરેલ આયાતોને જાળવવાની આપણી પવિત્ર ફરજ છે.

પરંતુ હઝરત અબુ બક્ર(ર.અ.)સંમત થયા. પણ એ કાર્ય કપરું હતું. મહંમદ સાહેબને વહી અર્થાત્ ખુદાનો સંદેશ આવતો ત્યારે તેમના સહાબીઓ અથવા અનુયાયીઓ તે વહીને કંઠસ્થ કરી લેતા અથવા એ વહી ઝાડની છાલ પર કે પથ્થર પર કોતરી નાંખતા. કેટલીક વહી ચામડાઓ પર પણ લખાયેલી હતી. કેટલીક વહી ખુદ મહંમદ સાહેબને પણ કંઠસ્થ રહી જતી હતી. પણ એ તમામ વહી કે આયાતોનું સંકલન કરવાનું કાર્ય ભગીરથ હતું. જેનો આરંભ મહંમદ સાહેબની વફાત પછી પ્રથમ ખલીફા હઝરત અબુ બક્રના સમયમાં થયો. પયગંબર સાહેબના સમયમાં તેમની વહીઓની નોંધ રાખનાર જૈદ બિન સાબિત હતા. ખલીફા હઝરત અબુ બક્રએ કુરાને શરીફના સંકલનનું કાર્ય તેમને સોંપ્યું. જો કે પહેલા તો એ પણ સંકોચ અનુભવતા હતા પણ પછી તે જવાબદારી તેમણે સ્વીકારી.

આનો અર્થ એ નથી થતો કે ખલીફા હઝરત અબુ બક્રના સમયમાં કુરાને શરીફનું સર્જન થયું. મહંમદ સાહેબના સમયમાં જ કુરાને શરીફની આયાતો અને સુરતો ક્રમવાર હતી. માત્ર હઝરત અબુ બક્રના સમયમાં એ તમામ આયાતો અને સુરતોને વ્યવસ્થિત રીતે એકત્રિત કરી તેને એક સંપૂર્ણ ગ્રંથનું સ્વરૂપ આપવામાં આવ્યું. આમ અત્યાર સુધી વેરવિખેર પડેલી આયાતો ભેગી થઈ અને તેનું પવિત્ર ગ્રંથ કુરાન શરીફ સ્વરૂપે અવતરણ થયું. તેને સહીફા સિદ્દીક અથવા મસહફે સિદ્દીક પણ કહે છે. આમ હઝરત જૈદ બિન સાબિત દ્વારા તૈયાર કરવામાં આવેલ કુરાને શરીફની આ પહેલી પ્રત હઝરત અબુ બક્રની તિજોરીમાં સુરક્ષિત રાખવામાં આવી. એ પછી તે હઝરત ઉમરના કબજામાં આવી. હઝરત ઉમરે એ પ્રત હઝરત હફઝાને સુરક્ષિત રાખવા આપી. અને તેની સાથે વસિયત પણ કરી કે, 'કુરાને શરીફની એ પ્રત કોઈને ન આપશો. અલબત્ત કોઈ તેની નકલ કરવા ઈચ્છે કે પોતાની પાસે રહેલી નકલ ચેક કરવા ઈચ્છે તો તકેદારી સાથે આપશો.'

હઝરત ઉસ્માન ખલીફા બન્યા પછી કુરાને શરીફની મૂળપ્રતની કેટલીક નકલો તૈયાર કરાવી અને જુદાં જુદાં સ્થાનો પર મોકલી હતી. જયારે મદીનાના ગર્વનર તરીકે મરવાન આવ્યો ત્યારે તેણે કુરાને શરીફની અસલ પ્રત હઝરત હફઝા પાસેથી મેળવવાની કોશિશ કરી હતી. પણ હઝરત હફઝાએ તે આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. જો કે ઈસ્લામના શિયાપંથના અનુયાયીઓ માને છે કે મહંમદ સાહેબના અવસાનના છ માસમાં જ અલી ઈબ્ન અબુ તાલિબે કુરાને શરીફની પ્રત મેળવી લીધી હતી. તે જ મૂળભૂત કુરાને શરીફ છે.

ટૂંકમાં, આજે ઈસ્લામના પવિત્ર ગ્રંથ તરીકે અસ્તિત્વમાં છે તે કુરાને શરીફ અનેક મંજિલો પાર કરી આજના સ્વરૂપમાં આપણી સમક્ષ આવેલ છે. જેના આદેશો અને હિદાયતો આજે પણ એટલાં જ સત્ય અને અસરકારક છે. બસ માત્ર જરૂર છે તો તેના ઈમાનદારીપૂર્વકના અમલની. અલ્લાહ તઆલા આપણને સૌને તેનો નિષ્ઠાપૂર્વક અમલ કરવાની શકિત આપે એ જ દુવા.આમીન.

## • એક તણખલાની વાત....

▪ હનીફ નાડત (કોંઢ)

ફરીદા અને અમીના ડોશી. આ બંને સાસુ-વહુ. પણ ફરીદા પરણીને યાકુબ જોડે આ ઘરમાં આવી ત્યાર પછી છ જ મહિનામાં સાસુ-વહુએ એકબીજા સામે તલવારો ખેંચી...તલવારો અલબત્ત શાબ્દીક, આમ તો ફરીદા વહુ કંઈ બોલતી જ નહીં પણ અમીના ડોશી ગમે ત્યાંથી વહુની ભૂલ શોધે ને કડવા વેણ સંભળાવે. આખરે કંટાળીને ફરીદા પણ ઉંચે અવાજે જવાબો દેવા માંડી. આમ ફરીદાના સામા જવાબથી ડોશી એને કહેતી, 'સામી લપલપ કર્યા કરે તે લજવાતી નથી ? હું તને લેવા આવેલી...તું કંઈ મને લેવા નથી આવી.'

'તે સાસુ મા મને તમે લેવા આવેલાને તો હવે મને ગળુ દબાવીને રવાના કરો કબ્રસ્તાને કે મારોય છૂટકારો થાય.'

ખાનગીમા યાકુબને ફરીદાએ ફરિયાદ કરી કે તમારી માં આમ ને તમારી માં તેમ, તો અમીના ડોશી પણ યાકુબને રાવ કરતી. પણ સાસુ-વહુની લડાઈમાં યાકુબ અળગો જ રહેતો. 'પડો બંને જણીઓ એંશી હાથના ખાડામાં... પણ મારો જીવ ન લેવ.'આમ કહી છૂટી જતો.

યાકુબનો કોઈને કંઈ જ સહકાર મળે એમ નથી એની ખાતરી થયા પછી અમીના ડોશી બારણે ઓટલા પર બેસી જોરજોરથી હાકોટા પાડતા, 'મારો રોયો બયરી કેય એટલું જ સાંભળે...નવ મહિના પેટમાં ઉપાડનારી માં તો એને મન કંઈ જ નહીં...બૈરી મળી ગય એટલે નાને થી મોટો કરનારી જણેતાને જ ભૂલી ગયો...'

તો વળી યાકુબ બપોરે ખેતરેથી આવી ઘડીક જમી પરવારીને આરામ કરવા ખાટલે આડે પડખે થયો હોય ત્યાં ફરીદા એને સંભળાવતી, 'માને દિકરો બેવ સરખા...આવો માવડિયો ધણી કયાં મારા ભાગ્યમાં ભટકાયો ? તમારી માનું બોવ લાગે તો કુંવારા રહેવું જોઈએને...મારો ભવ બગાડયો મારા બાજીએ...પેલો મુસો મામો મારા બાજીને કહે કે ઘરમાં આડુ-ઉભું કોઈ નથી....દિકરો ને માં બેજ છે ને તમારી ફરીદા રાજ કરશે, એ ઘરમાં ને મારા બાજી ભોળવાઈ ગયા ને પરણાવી દીધી તમારી જોડે પણ એમને કયાં ખબર હતી કે મારી સાસુને મારો ધણી બંને એકજ તુંબડે તરે એવા છે.

ફરીદાના આવા કવેણ સાંભળીને યાકુબ પ્રસાદી પણ ચખાડતો છતાં ફરીદા પણ બમણા સાદે બોલતી જ રહેતી. તો અમીના ડોશી મનોમન બબડતી, 'મુઓ સાવ આવો નપાણીઓ મારી કુખે કયાંથી પાકયો. બૈરી કેવું કેવું બોલેને બાયલો મીંઢા કાન કરીને સાંભળ્યા કરે. એનું રૂંવાડુય નથી ફરકતું.'

આખરે આવી માથાકૂટથી યાકુબ કંટાળીને સાંજે ખેતરેથી આવીને સીધો બહાર રખડવા નીકળી જતો. ઘરમાં હોય તો સાંભળવું પડે ને... ? છતાં પણ આડુ-અવળુ બોલીને બંને જણીઓ દિવસ આખાનો રિપોર્ટ તો યાકુબને આપી જ દેતા.

એક દિવસ યાકુબ સાંજે ગાડુ લઈને ખેતરેથી ઘેર આવ્યો ત્યારે વાતાવરણમાંથી જ જાણે ગંધ આવતી હોય એમ લાગ્યું, 'નકકી આજે ઘરમાં કંઈ નવા-જુની થઈ છે...કોઈ કંઈ બોલતું ન હતું...પણ સાસુ-વહુનું મૌન અને એમના મોંઢા જ ચાડી ખાતા હતા...છતાં યાકુબે કંઈ પૂછયું જ નહીં.' હાથ-પગ ધોઈને યાકુબ ખાવા બેસી ગયો...ખાઈ રહેવા આવ્યો ત્યાં તો સામે બેઠેલ ડોશીએ પોક મૂકી રડવાનું ચાલુ કર્યું, 'આ તારી બૈરી મને ન બોલવાના બોલ કહે છે ને તારા મન મારી કોઈ કિંમત જ નથી...મારાથી હવે આવું બધું સહન નથી થતું. હું હવે આ ઘરમાં નોખો ચૂલો સળગાવીશ. તમને આડી આવતી મટું બીજું શું ?'

યાકુબનો કોળીયો હાથમાં જ રહી ગયો...તરત ઉભો થઈને હાથ ધોઈને પોતાની માં ને કંઈ ન કહેતા સીધો ફરીદાને ખીજવાયો. 'આ શું માંડયું છે ફરીદા ?' ત્યાં તો ફરીદા પણ રડતાં-રડતાં બોલી, 'મારા હાથમાંથી તેલની બરણી છુટી ગઈ અને તેલ ઢોળાઈ ગયું તો માં મને સવારના ગાળો દે છે. હું જરાક સામે બોલી તો ફળિયામાં જઈને મને ભૂંડી ચીતરી આવ્યા. બાકી મેં માંને કયાં કંઈ કહયું ?'

'કંઈ કહયું નથી તે સારૂં. તું તો સારી જ છે ને. કેટ કેટલો તું બગાડ કરી રહી છે મારા ઘરમાં પણ તારા તો મનમાં જ નહીં. જેમ ફાવે એમ બોલે ને જાણે કે હું એની પહેલા જનમની દુશ્મન હોઉં...

યાકુબ ઘડીક ચૂપ રહયો પછી બોલ્યો, 'તમે બંને એ તો હવે ઉપાડો જ લીધો. આની કોઈ હદ છે કે નથી તમારા મનમાં ? હવે સમજો બંને જણીઓ, રોજ ઉઠીને આ કેવા ફજેતા આવા કાયમના કંકાસે તો પણીયારે બેડાના પાણી પણ સુકાઈ જાય. ને તમને બાજવા સિવાય કંઈ સુઝતું જ નથી.'

'હા...હા...હું તો કુતરી ખરીને તે તારી વહુ ને હું બાઝુ...ઘરમાં બગાડ થાય તોય મારે બોલવું નહી. તેલ ઢોળાય એ શું સારું કહેવાય?' અમીના ડોશી ત્રાટકી.

બસ પછી તો યાકુબના ઘરમાં જાણે ધરતીકંપ થયો. આખા ગામને જાણે ગોળનું ગાડુ મળી ગયું હોય એમ અમીના ડોશીએ ઘરમાં જ જુદા ચુલા માંડયા. યાકુબે માંને ઘણી સમજાવી પણ ડોશી એકની બે જ ન થઈ. યાકુબે ફરીદાને કહયું તું માં ને સમજાવ કે આમ નોખું થવાનું તુત બંધ કરે. ગામેગામ આપણી ઠેકડી થશે. તારાથી માં રીસાય એટલે તું જ મનાવી જો...કદાચ માની જાય.

પણ ફરીદા બોલી, 'થોડા દિવસ ટીપવા દો રોટલા...કંટાળશે એટલે આવશે એની મેળે ભેગા...કેટલા દિવસ હાથ ચાલશે...ને ગામના સામું જોઈએ તો રેવાઈ જ નઈ. એ જેવા એવા આપણે બાકી શરમમાંને શરમમાં તો' ફરીદા અધુરૂં વાકય ગળી ગઈ.

વળી અમીના ડોશી ગામમાં ફરતી ટપાલ આગળ એની આવી શૈલીમાં ઈન્ટરવ્યુ પણ આપવા માંડી કે, 'મારા હાથ પગ ચાલે ત્યાં લગી હાંકીશ પછી ઉપરવાળો મોટો માલિક બેઠો છે...પણ હવે એ નખ્ખોદણી જોડે ભેગી તો નઈ જ થાઉં.'

ખીજમાને ખીજમા માણસ જેમ ફાવે એમ બોલે પણ સમય જતા સમજાય કે આવું બધું ખોટું થયું. સમજાય પછી પણ ઝટ દઈને કોઈ હું પણું છોડતું નથી. આ વાતને મહિનો થવા આવ્યો. સાસુ-વહુ એકબીજા તરફ જોતા પણ નહી. ગામમાં કોઈ ફરીદાનો તો કોઈ અમીના ડોશીનો વાંક કાઢતું. અને આ વાત વાયરે ચઢીને ફરીદાને પિયર પહોંચી. ફરીદાના બાજી અને એની માંએ દિકરીની વાતો સાંભળી ફરીદાના ઘેર જવા એક વહેલી સવારે ગાડુ જોડયું...'મારી ફરીદા આવી...' અને વિચારોને અંતે ગાડુ યાકુબના આંગણે આવીને ઉભુ રહયું. ત્રણે જણા જોઈ રહયા. માવતરને જોઈને ફરીદા રડવા લાગી. મને-કમને અમીના ડોશીએ વેવાઈ-વેવણને આવકાર્યા. ડોશી એના ચૂલે રહા બનાવી લાવી. દિકરી અને વેવાણની વાત સાંભળી દિકરીને સમજાવી...વેવાણને પણ આજીજી કરી છતાં બંને પોતાનો અહમ છોડવા તૈયાર ન થયા. અંતે જમ્યા વિના ફરીદાના માવતર જતા રહયા.

આમને આમ સમય પતંગિયાની પાંખે વહેતો રહયો. ડોશી અને વહુના ચૂલા અલગ, ઝાઝી વાતચીત પણ નહીં. યાકુબને તો સૂડી વચ્ચે સોપારી જેવું થયું. આમ છ માસ વિત્યા કે એક સવારે ફરીદા વાડામાં થાપેલા છાણાં લેવા ગઈ...છાણાંનો ટોપલો લઈને આવતા એ લપસી પડી અને એને તરજ કસૂવાવડ થઈ ગઈ. લપસતા એણે જોરથી રાડ પાડી એટલે ડોશી વાડામાં આવી. ડોશીએ ગમેતેમ કરીને ફરીદાને ઉભી કરી ઘરમાં ખાટલે સૂવડાવી. ફળિયાની સ્ત્રીઓ તરત ફરીદા પાસે આવી. કોઈ ખેતરે જઈને યાકુબને તેડી લાવ્યું. ત્યારે આવા આધુનિક દવાખાનાઓ તો હતા નહી એટલે ફરીદાનો ઘરેલુ ઉપચાર કર્યો. પોતાનો પ્રથમ ખોળો આમ ખોળવાઈ ગયાનું દુ:ખ ફરીદાને પણ અને એના સાસુને પણ ઘણું થયું. પાડોશની એક બહેન તરત ફરીદા માટે રાબ બનાવી લાવી તો બીજી પાડોશી બેન ફરીદા માટે ઉકાળો બનાવવા જતી હતી ત્યાં અવઢવમાં ડુબેલી અમીના ડોશી બોલી, 'બેન...રેવા દો...મારી દિકરીની સારવાર હું જાતે કરીશ... ફરીદા...મને માફ કર, કજીયાનું મોઢું

કાળું એ આનું નામ...દિકરી મને માફ કર...મારા કવેણ તને નડયા. હું માવતર જાતે જ કમાવતર થઈને ઉભી...દિકરી માફ કર..' આટલું બોલી ખાટલે સુતેલી વહુને વળગીને ડોશીએ પોક મૂકી. યાકુબની અને હાજર એવી સ્ત્રીઓની આંખોની પાપણ પણ ભીની થઈ ગઈ. ગામ આખામાં સાસુ-વહુનું આવું રૂડું મિલન થયું એ વાત પવનની પાંખે પહોંચી ગઈ. અમીના ડોશી હવે વહુની દિલથી સેવા કરવા માંડી. ફરીદાને પણ પોતાની ભૂલ સમજાઈ.

અંતે ત્રણેક દિવસ પછી ફરીદાના માવતર ગાડુ લઈને ફરીદાની ખબર કાઢવા આવ્યા. સાસુ ઉભે પગે દિકરીની સેવા કરી રહી છે એ નજરે જોઈને વેવાઈ બોલ્યા, 'વેવાણ કોદાળી ને પાવડો છે કે ?' અમીના ડોશી આવા પ્રશ્નથી થોડી અચકાઈ ને બોલી, 'હા...છે ને વેવાઈ... આમ કોદાળી-પાવડાની કેમ જરૂર પડી ?' અને ખૂણામાં પડેલ કોદાળી-પાવડો ડોશી લઈ આવી અને તરત દામાદને સસરાએ કહ્યું, 'યાકુબ...આ ચુલો ખોદી નાંખો...આજે વરસ દિવસથી આ ચુલો જ તમારા સંસારમાં આગ સળગાવી રહયો હતો...ખોદી નાંખો એને...' અને તરત યાકુબે પોતાની મા નો ચુલો ખોદી નાંખ્યો. અંતે સાંજે જતા જતા વેવાઈ-વેવણ અમીના ડોશીને સંબોધીને બોલ્યા, 'વેવાણ અમો આવ્યા હતા અમારી દિકરીને લેવા જ પણ તમારા હેત જોઈને અમે પાછા પડયા. મારી ફરીદાની હવે એની માં જ સંભાળ રાખશે...આ અમો તો ચાલ્યા...'

જતા વેવાઈને અમીના ડોશીએ હોકારો કર્યો, 'વેવાઈ તમતમારે નચિંત જાવ...ફરીદા હવે તમારી નહીં પણ મારી દિકરી...જીવનમાં ઘણાં પાપ કર્યો..વહુને રાંધેલું ધાન ખાવા ન દીધું. બસ હવે મારે મારી દિકરીની સેવા કરીને પ્રાયશ્ચિત કરવું છે.' હરખાતા-હરખાતા વેવાઈએ વેવાણને કહ્યું, 'ચાલ...આજે આપણી ફરીદાનું નવેસરથી ઘર મંડાયું.

**● બ્લડનું સુગર લેવલ કંટ્રોલ કરનાર ઈલાયચી**

રસોડાના અલગ-અલગ મસાલામાં ઈલાયચીનું સ્થાન વિશેષ છે. તેની સુગંધ દરેક ખાદ્યપદાર્થને સુગંધિત કરે છે. તેને માઉથ ફ્રેશનર તરીકે પણ આપણે ઉપયોગમાં લઈ શકીએ. ઈલાયચી ખોરાકને સુગંધિત કરવાની સાથેસાથે શરીર માટે પણ ઘણી રીતે લાભદાયી છે. ખાસ કરીને જે લોકોને ડાયાબિટીસ છે તે લોકો જો રોજ ઈલાયચીનું સેવન કરશે તો બ્લડનું સુગર લેવલ ઓછું થશે. ડાયાબિટીશથી પીડિત લોકોએ ખાસ એવી વસ્તુનું જ સેવન કરવું જોઈએ જેનાથી બ્લડ સુગર લેવલ કંટ્રોલમાં રહે. નેચરલ રીતે ડાયાબિટીસને કંટ્રોલ કરવા માંગતા હોવ તો ઈલાયચી ખૂબ મદદરૂપ બનશે. તેમાં કેટલાય એન્ટિ ઓકિસડન્ટસ્ અને એન્ટિ ઈન્ફલેમેટરી ગુણ હોય છે જે વજન ઘટાડવાની સાથે બ્લડ સુગર લેવલને પણ કંટ્રોલ કરવાનું કામ કરે છે. રોજ એક ચમચી ઈલાયચીના પાઉડરનું સેવન કરવાથી ડાયાબિટીસ કંટ્રોલમાં રહે છે, કારણકે તેમાં હાઈપોલિપિડેમિક ગુણ રહેલો હોય છે જે લોહીમાં રહેલા સુગરના લેવલને બેલેન્સ કરે છે. તેનું સેવન કઈ રીતે કરવું તે વિશે થોડું જાણી લઈએ.

- ઈલાયચી અને મરી પાઉડર

ડાયાબિટીસમાં ઈલાયચી અને મરી પાઉડરની ચાનું સેવન કરવાથી તમે બ્લડ સુગર લેવલને કંટ્રોલમાં રાખી શકો છો. આ ચા બનાવવા માટે તમે એક કપ પાણીમાં ઈલાયચી પાઉડર અને મરી પાઉડર મિકસ કરો. આ મિશ્રણને થોડી વાર ધીમા તાપે ઉકળવા દો. તેમાં થોડી માત્રામાં દૂધ નાંખી તે ચાનું સેવન કરો. તમે ચાહો તો દૂધ વગરની ચા પણ પી શકો.

- ગ્રીન ઈલાયચીવાળી ચા

ડાયાબિટીસના રોગી જો ઈલાયચી યુકત ચાનું સેવન કરશે તો બ્લડ સુગરનું લેવલ કંટ્રોલમાં રહેશે. ઈલાયચીવાળી ચા બનાવવા માટે ગ્રીન ટીને પાણીમાં ઉકાળો, તેમાં ઈલાયચી પાઉડર નાંખો, તેમાં તુલસી, આદુ અને મધને પણ મિકસ કરો. હવે તેને ધીમા તાપે બરાબર ઉકાળો. ચા સરખી ઉકળે એટલે તેનું સેવન કરો. રોજ આ ચાનું સેવન કરવાથી લોહીમાં સુગરનું લેવલ જળવાઈ રહેશે અને ડાયાબિટીસમાં રાહત મળશે.

- બ્લેક ટી

ડાયાબિટીસના દરદીઓ માટે બ્લેક ટીને આશીર્વાદ રૂપ માનવામાં આવે છે. જો તમે કાળી ચામાં ઈલાયચી પાઉડર મિકસ કરી લો તો તે શ્રેષ્ઠ ગણવામાં આવશે. આ મિશ્રણને ધીમા તાપે ઉકાળીને તેનું સેવન કરવાથી પણ સુગર લેવલ કંટ્રોલમાં આવી જશે તેમજ તેનાથી વજન પણ તરત ઘટવા લાગે છે.

- ઈલાયચી પાઉડર અને આખી ઈલાયચી

ચાની સાથે ઈલાયચી પાઉડરનું સેવન ન કરવું હોય તો ખોરાકમાં નાખીને પણ તેનું સેવન કરી શકાય છે તે સિવાય તમે ફળનું કે શાકભાજીનું જયુસ પીતા હોવ તો તેની અંદર તે પાઉડરને એડ કરીને તમે તેનું સેવન કરી શકો છો. વળી મુખવાસ રૂપે આખી ઈલાયચી પણ ખાઈ શકાય છે. ઘણાં લોકો આ રીતે આખી ઈલાયચીનું સેવન કરતાં હોય છે તે પણ શરીર અને બ્લડ સુગર માટે ગુણકારી છે.

## ■ સાત સમંદર પારના સમાચારો

•યુસુફ સિદાત – લીસ્ટર-યુ.કે.

### ■ મૌલાના મોહમ્મદ તૈયબ સિદાત - એમ.બી.ઈ.



કાંકરિયા, સુરત જિલ્લાના વતની બ્લેકબર્ન યુ.કે.સ્થિત મૌલાના સઈદભાઈ સીદાતના ફરજંદ મૌલાના મોહમ્મદ તૈયબ સઈદ સીદાતને અલ્હમ્દુલિલ્લાહ બ્રિટનના મહારાણીના જન્મદિવસ ઓનર્સ લિસ્ટ ૨૦૨૦માં એમ.બી.ઈ.થી સન્માનવામાં આવ્યા છે.

એઓ ૨૦૦૬ની સાલથી આઈ.એમ.ઓ.ચેરિટિ દ્વારા એમની મુસ્લિમ અને બિન મુસ્લિમ સમાજની સેવાઓના પ્રદાનની કદર કરી એમ.બી.ઈ.નો ઈલ્કાબ આપવામાં આવ્યો છે. છેલ્લા ૧૪ વર્ષોમાં મૌલાના મોહમ્મદ તૈયબ હજારો સ્થાનિક લોકોના સહાયક બન્યા છે. આ ચેરિટિ સેવાની સાથે તેઓ વિવિધ સ્થાનિક અન. રાષ્ટ્રીય સંસ્થાઓ સાથે પણ સક્રિય છે. બ્લેકબર્નમાં મદ્રેસા નુરૂલ ઈસ્લામના મોહતમીમ પણ છે. એમણે પ્રતિભાવમાં જણાવ્યું છે કે એમના ઘડતર અને કેળવણીએ સમાજ માટે કામ કરવાની પ્રેરણા આપી છે. બધાએ સારું કામરૂપે માન્યતા નહીં મળે તો પણ ગામ, શહેર અને દેશમાં જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવાનું ચાલુ રાખવું જોઈએ. આખિરતમાં બદલો જરૂર મળશે.

### ■ અહમદ હાન્સ :

તે જ રીતે વેન્ડ્સબરી વેસ્ટ મિડલેન્ડ યુ.કે.માં વસતા ઈમામ અહમદ હાન્સ(ડાભેલ)ને પણ બ્રિટનના મહારાણીના જન્મદિવસ નિમિત્તે એમ.બી.ઈ.થી સન્માનવામાં આવ્યા છે. કોવિડ-૧૯ દરમિયાન પ્રિઝન સર્વિસમાં એમની મહત્વપૂર્ણ ભૂમિકા દ્વારા સેવા આપવા બદલ એમને આ સન્માન આપવામાં આવ્યું છે.

### ■ ઈમરાન દાવજી :


બાટલી વેસ્ટ યોર્ક શાયરમાં વસતા ઈમરાન રશીદ દાવજીને કે જેઓ આસ્ડા સુપર માર્કેટ લિમિટેડમાં કોવિડ-૧૯ દરમિયાન વિશેષ સેવા આપવા બદલ એમ.બી.ઈ.નું સન્માન પ્રાપ્ત થયું છે. લોકડાઉન દરમિયાન ગ્રાહકોને સમયસર સેવા તથા ખાધાખોરાકીની વસ્તુઓ સરળતાથી પ્રાપ્ત થાય તે માટે આસ્ડક સુપર સ્ટોરની વિવિધ શાખાઓમાં ૨૫ હજારથી વધુ કર્મચારીઓની નિમણૂંક કરવામાં એમની સહાય નોંધપાત્ર રહી હતી.

તદ્ઉપરાંત અગાઉ ઉત્કૃષ્ટ સમાજ સેવા બદલ નવા વર્ષે સન્માનિત થનારાઓમાં જ.મકસૂદ અહમદ ગંગાત લંડન એમ.બી.ઈ. તેમજ યુસુફ પટેલ લંડન એમ.બી.ઈ.નો સમાવેશ થયો હતો. માત્ર અને માત્ર રોજગાર કમાવાના હેતુસર બ્રિટનમાં અજાણ્યાં નવા દેશમાં સ્થળાંતર થયેલી પ્રથમ પેઢીના વસવાટ પછીની બીજી ત્રીજી પેઢીના આવા યુવક-યુવતીઓ પોતાની કાર્યક્ષમતા અને કુશળતા દ્વારા દેશ અને સમાજના વિકાસમાં પ્રદાન આપી રહયાના આનંદજનક અહેવાલો મળતા રહે છે. જે સમાજ માટે એક નોંધપાત્ર હકીકત બની જાય છે. બ્રિટન જેવા વિકસિત અને સુવિધાવાળા દેશમાં અનેક તકો રહેલી હોય છે.

અત્રે ઉલ્લેખનીય ગણી શકાય કે આમ જોઈએ તો સમાજના યુવાનો કીંમતી હીરા સમાન બની રહે છે. કહી શકાય કે જો નવી પેઢીને એમનું યોગ્ય ઘડતર, દીની, દુન્યવી શિક્ષણ અને તાલીમ આપી જીવનશૈલી, યોગ્ય વાતાવરણ, જરૂરિયાતો પરત્વે લક્ષ આપી, એમની શકિતને સરાહી યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવામાં ।આવે તો વિકાસ સાધી ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરવામાં સરળતા રહે છે. તાજેતરમાં બ્લેકબર્ન સ્થિત ગુજરાતી યુવાન ઈસા બંધુઓએ અમેરિકન કંપની આસ્કા સુપર માર્કેટમાં મિલિયનો પાઉન્ડ એટલે કે અબજો રૂપિયાનો પોતાનો હિસ્સો ખરીદવાનું એક વ્યાપારિક સાહસ કર્યું છે. આવી સિધ્ધિઓ બિરદાવવાને પાત્ર છે.

આ સૌ યુવાનોને મળેલા બહુમાન અને નામ રોશન કરવા બદલ ગૌરવપૂર્ણ અભિનંદન પાઠવીએ છીએ. ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે એવી દૂઆ છે.

### ■ બ્રિટનમાં ઈમ્તિયાઝ પટેલ હેડ ટીચર નિમાયા



બ્રિટન ખાતે આપણા સમાજનો યુવા વર્ગ શિક્ષણ ક્ષેત્રે ખૂબ સારી પ્રગતિ કરી રહયાના સમાચારો મળતા રહે છે. જેમાં લેસ્ટર સ્થિત ઈમ્તિયાઝભાઈ મોહમ્મદ પટેલનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં એમની લેસ્ટરની ઓચાર્ડ મિડ એકેડેમી, શૈક્ષણિક સંસ્થાના હેડ ટીચર આચાર્ય તરીકે નિયુકિત થઈ છે. આ સંસ્થામાં બારસો જેટલા વિધાર્થીઓ અભ્યાસ કરે છે. બી.એસ.સી.ની ડિગ્રી ધરાવે છે, સાથે પીજીસીઈ અને ડિપ્લોમા ઈન કેરિયર એડ્જયુકેશનનો અભ્યાસ પણ પૂર્ણ કર્યો છે. આ અગાઉ મદની સ્કૂલ ફેડરેશનના ડેપ્યુટી હેડ તરીકે અને સ્ટેટ સ્કૂલ ઈન્સ્પેકટર (શાળાના શૈક્ષણિક તપાસ અધિકારી)તરીકે સેવા બજાવતા હતા. યુવાન વયે ઝળહળતી કારકિર્દી અને વિશાળ અનુભવ ધરાવતા હાફિઝ ઈમ્તિયાઝ પટેલ મૂળ દક્ષિણ વિભાગના ચીખલી તાલુકાના સરૈયા ગામના વતની છે. સુરતી સુન્નિ વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી સાથે સંકળાયેલા રહયા હતા એવા જાણીતા મહૂંમ યુસુફભાઈ અસ્માલજી પટેલના પૌત્ર થાય છે. મેફ્લાવર સ્કૂલના ગર્વનર પણ છે. એમને અભિનંદન પાઠવી ઉત્તરોત્તર પ્રગતિની દુઆ કરીએ છીએ.

## SOME OF THE MANY WAYS IN WHICH COVID 19 HAS AFFECTED MUSLIMS FROM ACROSS THE WORLD.

• ISMAIL AHMED LAMBAT (MANCHESTER)

All Muslims from across the world and everyone else came to be affected over several months by COVID 19. Many came to lose their loved ones, and many need to provide care for those who came to be left with serious or not so serious health problems. In months and years to come as health experts tell us many will continue to suffer from poor health and many from serious or not so serious mental health problems.

Besides health-related problems the pandemic also dented our daily religious practices. We could not for months offer our Namaaz in our Masajid and when this became possible, we had to keep our distance from other namaziz as prescribed by health authorities and by Governments. The pandemic put a stop to our Trawih prayers and our Eid-ul-Fitr Eid-ul-Adha prayers and we could not go for Umrah or for Hajj.

The Virus helped put an end to our shaking of hands as well as embracing our relatives and friends and gathering in groups for religious or social reasons and the wearing of face coverings made it impossible for us to smile when we saw a loved one, a friend, an acquaintance or any other fellow Muslim or some one who belonged to another religious persuasion.

The pandemic also brought along with it a big economic downturn. Countries from across the world came to face economic problems as the spread of the Virus led to the closing down of most manufacturing and all types of business activities. In many countries those dependent on agriculture could not harvest their groups as they could not get farm workers to help with the harvesting. Exporters of livestock from wealthy countries to Saudi Arabia for Qurbani suffered as the Hajj pilgrimage came to be restricted to very few people. Exporters of livestock and cattle herders from some of the African countries suffered more as exporters of livestock could not exporter the livestock they had bought and the cattle herders could not sell their cattle as there were no buyers for what they wanted to sell. Many thousands of daily wage earners from the less developed countries lost their jobs so did factory workers, airport workers and pilots, restaurant and hotel workers and all those dependent on the tourist industry. Whilst some predictions by economists tell us that everything will be 'normal' within months others do not sound very hopeful.

The Virus also dealt a big blow to education. It forced Governments across the continents to shut down their education providing institutions. As Muslims our young persons missed out on acquiring secular education for several months as well as religious education. Our children could not and in many places, they still cannot attend their local madressas or their dar-ul-ulooms. Most of those who were hoping to graduate from universities or dar-ul-ulooms during the present academic may not be able to do so.

Our socio-religious practices too came to suffer. We could not and still cannot have big engagement parties and big weddings for our sons and daughters and our Janaza prayers for our loved ones too came to be restricted to a few persons. We could not and still cannot visit our relatives and friends in their own homes or visit those who are admitted to hospital for treatment.

Whilst many workplaces, places of learning and places of worship have gradually started re-opening and functioning the fear of the Virus continues to haunt all of us irrespective of where we live or what we do. The Virus has certainly not left us. It keeps on coming back and we keep on having lock downs and restrictions placed on our movements.

The general feeling among experts who know a lot about Viruses tell us that whilst we are trying to move towards some form of normality what we all should expect is a new normal. In other words, COVID 19 has brought along health problems which are likely to stay with us for at least the foreseeable future. It has greatly disrupted the world's economic order. The sufferings caused by this will be with us for many years to come. It disrupted the provision of education both religious and secular education. The loss of the months of education will be with us for many years to come and the disruption it brought to our social and religious practices will be felt by us for many years to come.

What we have said up to now will not be new to most of our readers. We also sincerely feel that many of our brothers and sisters will be much better informed on the prevalence of the Virus and the many ways in which it has affected people across the world. Our reason for stating or restating what is already well known to many is to draw our people's attention to the following:

**1.** We Muslims now have more Muslim brothers and sisters who will need financial and other forms of assistance to help them cope with the losses they have suffered. We must also not forget the followers of other beliefs. Like our Muslim brothers and sisters they too will need assistance and we must also, if we have the means to support them.

**2.** There is also a great need for us Muslims to turn towards seeking cures for the illnesses and diseases we humans from time to time suffer from. We should give up the dependency culture we all suffer from. We all want to stay healthy and we all try to seek assistance from well qualified health professionals. We feel as Muslims we have a rich history of providing health care through our UNANI method. We feel there is a great need to revive this practice as well as engage in research to find cures for the illnesses and diseases we all now suffer from.

# દેશ - વિદેશના સમાચાર

## મોટાવરાછા

**ઇન્તેકાલે પુરમલાલ:-** મેહફિલે ઇસ્લામના પ્રમુખ હાજી કાસીમ અહમદ ભૈયાત સા.ની નાની દિકરી અસ્મા હુશૈન ભાયલા ઉ.વ.આ.૪૮ તથા મુહંમદ તાહા ગુલામ મોહંમદ હાફેજી ઉ.વ.આ.૭૧ નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશ ગમન:-** હાજી બિલાલ ગુ.હુશૈન માંજુ તેમજ મીસીસ હફસા (હાજી શબ્બીર છોટા ભૈયાતની દિકરી) તથા હાજી સાજીદ ઇસ્માઇલ આદમ તેમજ તેમના બહેન ખદીજા હસન કરોલીયા વતનની મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.

## કાપોદરા

**ઇન્તેકાલે પુરમલાલ:-** ગરીબોના હમદર્દ અગ્રણી હાફેઝ સઇદભાઇ લુલાતનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## વરીયાવ

**ખુશ આમદીદ (જન્મ):-** ફૈસલ દાવુદ આટીયાને ત્યાં છોકરાનો જન્મ નામ આમીર તથા સુલેમાન (સોલી) હાસમભાઇ ની છોકરી ઝૈનબ ઇકબાલ પાદશાહને છોકરીનો જન્મ નામ આયેશા રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ઇબ્રાહીમ ઉર્ફે પીટરબાવાનો યુ.કે.ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.) મર્હુમ લંડન ખાતે વરીયાવ ખિદમત કમિટીના મેમ્બર હતા.આઇશાબીબી મેહમુદ આટીયાનો રંગુન ખાતે,ઝકરીયા ઇસ્માઇલ કડવા તથા શાહીદ ઝકરીયા કડવાનો સુરત ખાતે તેમજ અમીના (લાલી) યાકુબ આટીયાનો ગામ ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** અહમદ (મુન્ના) ભાઇમીઆના દિકરી નાહિદ દુબઇથી આવ્યા છે.


હવે અમારી દુકાનમાં અવશ્ય

(દુકાન) : 0261-2452155
મો. ઉમર : 98794 56530
E-mail : libas1978@gmail.com

કફની - પાયજામા, પઠાણી સૂટ,
અરબી ઝબ્બાની "ઈન્ડીયન તેમજ ઈમ્પોર્ટેડ"
કાપડની વિશાળ રેન્જ મળશે.
હજ માટે એહરામનું કાપડ, ટુવાલ
અને બેલ્ટ મળશે.
અમારી એક વખતની મુલાકાત ઈન્શાઅલ્લાહ
આપને લાભદાયી થશે.

સ્થાપના : ૧૯૭૮
લિબાસ


## સોસાયટીને રમઝાન માસમાં ગામેગામથી ટ્રસ્ટી સાહેબો તથા પ્રતિનિધી સાહેબો હસ્તે મળેલ મદદ

### નવસારી

**હસ્તે:- જ.ઇકબાલભાઇ ઉનીયા સા.**

| | | |
|---|---|---|
| ૧૫,૦૦૦ | જ. અઝીઝ સુલેમાન ઉનીયા સા. | ઝકાત |
| ૧૫,૦૦૦ | મોહ.ફરીદાબહેન સીમજી સા. (સુરત) | ઝકાત |
| ૧૫,૦૦૦ | જ. શબ્બીરભાઇ સીમજી સા. (સુરત) | ઝકાત |
| ૧૫,૦૦૦ | જ. ઇકબાલભાઇ ઉનીયા સા. | ઝકાત |
| ૧૫,૦૦૦ | મોહ. આતીયાબહેન એસ.ઉનીયા સા. | ઝકાત |
| ૧૫,૦૦૦ | જ. આસીફ એમ.વાય. ઉનીયા સા. | ઝકાત |
| ૧૦,૦૦૦ | મોહ. મરીયમબહેન ઉનીયા સા. | ઝકાત |


મસ્જીદ તથા મદ્રેસાઓ
માટે ખુશ ખબર

અનેક જાતની વેરાઇટીઝ,
લેટેસ્ટ ડિઝાઇન, વિવિધ કલર સાથે

તૂર્કી,સઉદી વિગેરે દેશોની ઇમ્પોર્ટેડ સફો,ગાલીચા, વુલન,મખમલ, કોટન તેમજ એક્રેલીક અને પી.વી.સી.ની સફો તેમજ ચટાઇઓ, બાળકોને બેસવાના પાથરણા, આસન,કારપેટ વ્યાજબી ભાવે હાજર સ્ટોકમાં મળશે.

નોંધ: આપની એકવારની મુલાકાત આપને સંતોષ આપનાર પુરવાર થશે.

-:: શો રૂમનું સરનામું ::-

આગ્રા કારપેટ્સ એમ્પોરીયમ

૩,આદર્શ માર્કેટ, મેઇન રોડ,
બાટા શુઝની સામે,ભરૂચ
ફોન નંબર (૦૨૬૪૨) ૨૬૮૦૭૪
મોબાઇલ: ૯૩૭૬૧૭૭૭૨૯,૭૯૮૪૧૬૮૫૭૭

**પરદેશ ગમન :-** ફૈઝાન અ.રહેમાન (અનીસ) દાવજી અભ્યાસ અર્થે યુ.કે.ગયા છે.

## રાંદેર

**ખુશ આમદીદ (જન્મ) :-** કાસીમ મોહંમદ ઇસ્માઇલને ત્યાં છોકરાનો જન્મ નામ સુલેમાન રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** સારાબીબી તે મોહંમદ સાલેહ મમુનની ઔરતનો કરાંચી ખાતે,અબુબકર કાસીમ ભરૂચા,મોહંમદ અહમદ મદની છઆંગલીયા (ભાઇ મદની) તથા સેહરેબાનુ-ગુલામ મોહંમદ હાંસની છોકરી તે મોહંમદ સાલેહ (નબીરા) ભામની ઔરતનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અન્ય :-** (૧) ધી રાંદેર સુન્ની વહોરા પંચાયત ની તા.૧૮-૧૦-૨૦૨૦ ની વાર્ષિક સામાન્ય સભામાં ધી રાંદેર સુન્ની વહોરા પંચાયત અને તેના હસ્તક ચાલતા વકફોના સને ૨૦૨૦-૨૦૨૧ ના વર્ષ માટે એટલે કે બીજી વાર્ષિક સામાન્ય સભા મળે ત્યાં સુધીની મુદ્દત માટે સંસ્થાના ટ્રસ્ટી બોર્ડની નિમણુંક નીચે મુજબે કરવામાં આવી છે. જ.અહમદ ઉમર આરેફ સા.-પ્રમુખ, જ.મોહંમદ ઇસ્માઇલ મેહતર સા.-ઉપ પ્રમુખ,જ.મોહંમદ ઇસ્માઇલ સાલેહ સા.- સેક્રેટરી,જ.ઉસ્માન ઇસ્માઇલ ભરૂચા સા.-જોઇન્ટ સેક્રેટરી,જ.ઇસ્માઇલ ઇબ્રાહીમ ભામ સા.,જ. મોહંમદ સોએબ ધુપલી સા. તથા જ.માહમુદ યાકુબ બપોરીયા સા.-ટ્રસ્ટી (૨) નગીના મસ્જીદ મોચીવાડના સને ૨૦૨૦-૨૦૨૧ ટ્રસ્ટીઓ જ.અહમદ આજમ ઇસ્માઇલ સા. - મેનેજીંગ ટ્રસ્ટી,જ. અહમદ મો.હુસેન મુલ્લા સા. તથા જ. ઇબ્રાહીમ કાસમ સાલેહભાઇ સા.-ટ્રસ્ટી (૩) રાંદેર ચુનારવાડા મસ્જીદના સને ૨૦૨૦-૨૦૨૧ ના ટ્રસ્ટીઓ જ.ઇબ્રાહીમ યુસુફ અશરફ સા.-મેનેજીંગ ટ્રસ્ટી,જ.યુસુફ મોહંમદ સઇદ સા.તથા જ. અહમદ યુસુફ મોદન સા.-ટ્રસ્ટી (૪) રાંદેર મસ્જીદ કુવ્વતે ઇસ્લામના સને ૨૦૨૦-૨૦૨૧ ના ટ્રસ્ટીઓ જ.અહમદ ઇબ્રાહીમ મોદન સા.-મેનેજીંગ ટ્રસ્ટી,જ.મોહંમદ ઇબ્રાહીમ મુરાદ સા. તથા જ. અમર અનીસ હાટીયા સા.-ટ્રસ્ટી

## બાટલી - યુ.કે.

રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા

**ઇન્તેકાલે પુરમલાલ :-** સાગરના નામે જાણીતા શાયર ઇસ્માઇલ મુસા બાસર આલીપોરવાલાનો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**શાદી મંગણી :-** મોહંમદ હારૂન કોલા લાજપોરવાલાની શાદી સના દાઉદ હાફેજી તરાજવાલા સાથે થઇ છે.

## રમઝાન - ૨૦૨૦ માં ગામેગામથી સોસાયટીને મળેલી મદદ

ચાલુ વર્ષે રમઝાનુલ મુબારક માસમાં જે ગામોના પ્રતિનિધી / કાર્યકર્તા સાહેબો મારફતે ગામ લોકોનો ફાળો સોસાયટીમાં જમાં થયો છે.જેની વહોરા સમાચારમાં નોંધ લેતા ખુશી થાય છે.અલ્લાહતઆલા મદદ આપનાર તથા અપાવનાર સર્વે નામી-અનામી સાહેબોની ખૈરાતો અને ખિદમાતોને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાનમાં અતા ફરમાવે.આમીન.

જો કોઇ ગામમાં ચંદાની રકમમાં ભુલ હોય અથવા ઉઘરાવનાર ભાઇનું નામ શરતચૂકથી રહી ગયું હોય તો દર ગુજર કરી કાર્યાલયનું ધ્યાન દોરવા વિનંતી છે.

| રકમ | ગામ | હસ્તે |
|---|---|---|
| ૧,૩૫,૦૦૦ | નવસારી | જ. ઇકબાલભાઇ સુલેમાન ઉનીયા સા. |
| ૫૧,૮૦૦ | અંકલેશ્વર | જ. સઇદભાઇ દરસોત સા. |
| ૧૪,૪૦૦ | માંગરોલ | જ. ઇબ્રાહીમભાઇ સાજીભાઇ મેમાન સા. |
| ૬,૭૬૦ | સીલુડી | જ. મૌલાના હાસીમ ઉલઘર સા. |

## નવાપુર

**ઇન્તેકાલે પુરમલાલ:-** હાજી યાકુબભાઇ મુસાજી ટીમોલ (મુતવલ્લી), હાજી સાબેર સુલેમાન બંગલાવાલા (મુતવલ્લી-વિસરવાડી),હાજી હાફેઝ અહમદ કાસમ હવેલીવાલા (મુતવલ્લી–ચીચપાડા),ખલીલ મહમદ ભુલા, હાજીયાણી અમીના અહમદઅલી મુલ્લા,સુલેમાન કાસમ ઘરૈયા,હાજી હાસીમ યુસુફ ધુમાડીયા (માસ્તર), અ.હમીદ કાસમ બદુડા તથા મહંમદ અ.ખાલીક ઘરૈયા નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## આંકડોદ

**ખુશ આમદીદ (જન્મ):-** મૌ.ઇસ્માઇલ અહમદ કાઝી (બાવા) ને ત્યાં છોકરીનો જન્મ થયો છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** ઝુબેર ઇશાક કાઝી (બાવા) નો સા. આફ્રિકા ખાતે તથા ઇસ્માઇલ યુસુફ કાઝી (ટેલર) નો ગામ ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

## આલુંજ

**શાદી મંગણી:-** રેહાના સીરાજ નોરાતની મંગણી ન.કરારવેલ મુકામે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ):-** અહમદ આદમ ટોપીયાને ત્યાં છોકરાનો જન્મ નામ મોહંમદ રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ:-** મૌ.અબ્બાસ ઇસ્માઇલ નોરાત (આણંદવાલા)નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** સબીહા સીરાજ નોરાત કેનેડાની શુભેચ્છા મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

## કેનેડામાં શિક્ષક ઇમરાન મ.અલી એ કૌમને અપાવેલુ ગૌરવ

કૌમ હિતેચ્છુ કાર્યકર જનાબ મહમ્મદભાઇ યુ.વડીયા સા. ને ઉપરોકત ખુશીના સમાચારની જાણ થતા સૌના આનંદ માટે લખી જણાવે છે કે કેનેડામાં શ્રેષ્ઠ શિક્ષકોના સર્વેમાં ૮ શિક્ષકો પર પસંદગીનો કળશ ઢોરાતા સોસાયટીના શુભેચ્છક સુરતવાસી જનાબ મહમદઅલી ભાઇ ચામડીયા સા.ના સુપુત્ર શિક્ષક ઇમરાને તેમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે ના શુભસમાચાર પ્રકાશીત થતા અત્રે ખુશીની સુગંધ પ્રસરી. કોમને ગૌરવ અને આનંદ અપાવનાર ઇમરાનને હાર્દીક અભીનંદન. ઇમરાન તરકકીના વધુ શિખરો સર કરે અને સૌ યુવકો અને વિદ્યાર્થીઓ પુરતી મેહનત કરી સફળતાના સ્નાનાગાળમાં તરતા રહેવાની પ્રેરણા ઇમરાનથી પ્રાપ્ત કરે એજ સોસાયટીની અભિલાષા.

## જઝાકુમુલ્લાહ

### ઝકાત

| | | |
|---|---|---|
| ૯,૬૪૦ | મોહ. સીદ્દીકા જાફર સા. | કોસંબા |
| ૫,૦૦૦ | જ. લુકમાનજી બુટવાલા સા. | કોસંબા |
| ૫,૦૦૦ | જ. યુસુફ મીંયામહમદ માયત સા. | સુરખાઇ |
| ૫,૦૦૦ | જ. અબ્બાસભાઇ ભીખુ સા. | અડદા |
| ૫,૦૦૦ | મોહ. અતીકા અનીસુલહક વાવડા સા. | મુંબઇ |
| ૨,૫૦૦ | જ. મો.ઉમર અનીસુલહક વાવડા સા. | મુંબઇ |
| ૨,૦૦૦ | મોહ. નરગીસ અહમદ દુધા સા. | રાંદેર |
| ૨,૦૦૦ | જ. મોહંમદભાઇ લાખી સા. | સીમલક |
| ૧,૦૦૦ | મોહ. આયશા એ.વાવડા સા. | મુંબઇ |
| ૧,૦૦૦ | જ. રશીદ ઇસ્માઇલ વોરાજી સા. | સુરત |
| ૫૦૦ | જ. યાકુબભાઇ કરોડીયા સા. | હથુરણ |

### બેવાફંડ

| | | |
|---|---|---|
| ૫,૦૦૦ | જ. યુસુફ મીંયામહમદ માયત સા. | સુરખાઇ |

### દિનીયાત

| | | |
|---|---|---|
| ૫,૦૦૦ | જ. કારી મોહંમદ અસલમ પટેલ સા. | વરેઠી |


## ઇન્તેકાલે પુરમલાલ

આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જનાબ મીંયા મહમદ હાફેજી મુસા બાસર સા. આલીપોર** ના ભાઇ **જનાબ ઇસ્માઇલ હાફેજી મુસા બાસર સા.** ઉ.વ.આ. ૭૩ નો **બાટલી-યુ.કે.** ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**અલ્લાહપાક મર્હુમની બાલ- બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તથા સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

**સોસાયટીના તમામ કાર્યકરો એમના દુ:ખમાં સહભાગી છે.**

## A LEGEND MR. AHMED ISMAIL BADAT



Ahmed Ismail Badat (Chhotabhai) was born in a poor humble family in an unremarkable village called Nani Naroli on 30th April 1933 and died peacefully in his home on Friday 18th September 2020, surrounded by his loving family.

There was no school in the village to speak of what so education he received was in Mangrol Boarding School for a year and then he was moved to Ghara School, both running on charity.

He was precocious child and legend has it that he had read all the books in the village library in his teens; He also became very fluent in English which opened up the literature of the West.

After high school he worked for the newly established Vohra Samachar, for two and half years based in Surat staying in Botawala Musafarkhana. He was given the task of recruiting new members from the Vohra villages. He had to trek from village to village in unforgiving heat and rain and convince leading figures in the society to join the organisation and a sometimes he had to suffer abuse, but from this work galvanised him for difficult work that lay ahead. He was very successful in enrolling new members given his great social skill and rhetoric but what he earned from his work just enough to pay for his living expenses so he decided to move on.

Eventually he landed a secure job as a duty clerk in Mumbai docks where a lot of employees were ex criminals and he had to work with very hostile Marathas, but even here he thrived because he had a sweet tongue and he knew how to win people over.

He was beginning to enjoy life but his thoughts were always of his poor relatives and friends in India and he found a way of helping them through a voucher system that was operating in the UK to bring in skilled and semi-skilled workforce to build the economy decimated by the second world war.

The fact that he called many over to the UK, mostly poor and illiterate from Nani Naroli and surrounding district was an epic feat in itself.

He was active in establishing The Indian Muslim Federation in late sixties with aim of helping and uniting our community.

He was champion for education and believed that there can be no future for the poor except through literacy and was instrumental in financing the building of high school in Nani Naroli with his closest buddy Yusuf Badat and his brother Ibrahim Badat, Mowlana Ishak Aswat mentioned at his Janaza Namaz that, 'I was sworn to secrecy but I have to declare that this man that we bury today deserves the highest place in Jannate Firdous for his humanitarian work in settling at least a hundred and fifty to two hundred families in my knowledge.'

He came into my life in India in May 1965 when I was thirteen and had a great impact on my own development; he remains my great role model and a great inspiration and I would not be the person I am today without him - my respected uncle, a great son of Nani Naroli, a pride to Vohra community, a great humanitarian…may Allah grant his soul peace and love in the highest abode of Jannat…Aamin.

**(Abdulkhalek - Gora - Badat)**

આપ સૌના સાથ,સહકાર, વિશ્વાસ અને સ્નેહનાં સથવારે

સફળતા પૂર્વક ૧૪ વર્ષથી માછલીપીઠ, લાલગેટ, સુરત ખાતે કાર્યરત



# ડૉ.(મીસીસ) બીજલ બી. લશ્કરી

બી.ડી.એસ.,એમ.ડી.એસ. (અમદાવાદ) કન્સલ્ટન્ટ ડેન્ટલ સર્જન

## શીફા મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ કલીનીક

**સહર્ષ આપની સેવામાં હવેથી નવા નામ, નવા સરનામે નવા રંગરૂપ સાથે પ્રસ્તુત કરે છે.**

EXCELLENCE IN DENTISTRY

## WORLD OF SMILES Oral & Dental Care Centre

૧૧/૧૧૭૧, દરિયામહેલ લેન,જીલ્લા પંચાયતની સામે,નાણાવટ ચાર રસ્તા, મુગલીસરા, સુરત - ૩૯૫૦૦૩, સંપર્ક :- Cell : 63520 07253, 92281 32541

**નવા દવાખાનાની વિશેષતાઓ :** ● નાણાવટ ચાર રસ્તા, દરિયામહેલ જેવા શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત (જુના દવાખાનાથી માત્ર ૮૦૦ મીટરના અંતરે) ● સંપૂર્ણ A.C.ક્લિનીક ● લિફ્ટની સગવડ ● દાંત સારવાર માટેના તમામ શ્રેષ્ઠ સાધનો સગવડોથી સજ્જ ● બાળકોની દાંતની તમામ સારવાર માટે અલગ કેબીન/સાધનો ચેર-યુનિટ,સુંદર લાઇટીંગ, મજાનાં રમકડાં, રંગબેરંગી દિવાલો, ગેમ્સ વગેરેના કારણે બાળકોની દાંતની તમામ સારવાર તેમજ માતા પિતા માટે પણ સુખદ અનુભવ ● પાર્કિંગ માટે પુરતી જગ્યા.



**સ્ત્રીઓ માટેની વિશેષતાઓ:**

● કવોલીફાઇડ અને અનુભવી લેડી ડેન્ટીસ્ટ (MDS) અને લેડી આસીસ્ટન્ટ દ્વારા દાંતની તમામ સારવાર.

**કલીનીક નો સમય : સોમવાર થી શનીવાર બપોરે 11.30 થી સાંજે 6.30**

## વર્લ્ડ ઓફ સ્માઇલ્સ ઓરલ એન્ડ ડેન્ટલ કેર સેન્ટરમાં ઉપલબ્ધ સુવિધાઓ

❀ પીડા રહીત રીતે દાંત-દાઢ પાડવો/રહી ગયેલા મૂળ કણી કાઢવી.❀ સડેલા દાંતમાં સિમેન્ટ - ચાંદી પુરવી/લાઇટ કયોર ટ્રીટમેન્ટ (દાંતના રંગનું ફિલીંગ) ❀ સડેલા દાંત બચાવવા માટે દાંતના મૂળની સારવાર રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (R.C.T.) ❀ એક્ષ-રેની સુવિધા ❀ દાંતની સફાઇ (સ્કેલીંગ) ❀ પાયોરીયા તથા પેઢાના અન્ય રોગોની સારવાર ❀ દર્દીઓને ઇન્ટ્રાઓરલ કેમેરા દ્વારા ટી.વી.સ્કીન પર તેમના દાંત તથા મોઢાની તકલીફોનું પ્રત્યક્ષ નિદર્શન ❀ ક્રાઉન તથા બીજ (ખોલી અને ફિકસ ચોકઠુ) ❀ આખું કે આંશિક ચોકઠુ (બત્રીસી) ❀ પીળા દાંત તથા દાંતના ડાઘની સારવાર (પોલીશીંગ,વ્હાઇટનીંગ) ❀ ડહાપણની દાઢની સારવાર ❀ સગર્ભા સ્ત્રીઓમાં થતાં દાંતના પ્રશ્નો,જેવા કે દાંતનો સડો,પેઢા ફુલી જવા,પેઢામાંથી લોહી નીકળવું, મો ની દુર્ગંધ, આવનાર બાળકના દાંતની તન્દુરસ્તી માટે માર્ગદર્શન ❀ બાળકોમાં થતા દાંતના પ્રશ્નો,જેવા કે દૂધિયા દાંત સડવા,ખોટી આદતોથી વાંકાચૂકા દાંત ઉગવા, સડેલા દાંતમાં ચાંદી અને RCT

**કોસ્મેટીક ડેન્ટીસ્ટ્રી-સ્માઇલ ડિઝાઇનીંગ** (લેસર બ્લીચીંગ,વિનીયરીંગ, કમ્પોઝીટ ફિલીંગ, ગન સર્જરી) ❀ પાન,તમાકુ,ગુટખાને લીધે ન ખુલતા મોંની સારવાર ❀ ઠંડા પીણા, આઇસ્ક્રીમ ખાતા દાંતમાં થતી ઝણઝણાટી, દુ:ખાવો વિગેરે સારવાર ❀ માત્ર ૩૦ મિનિટમાં આપના દાંતને મોતી જેવા સુંદર બનાવતી ❀ અત્યાધુનિક સારવાર (ડેન્ટલ બ્લીચીંગ) ❀ ડેન્ટલ ઇમ્પ્લાન્ટ્સ (સ્કુ વડે કાયમી દાંત બેસાડવા) કેબીન/ સાધનો, ચેર યુનિટ ❀ અત્યાધુનિક ક્રાતિકારી લેસર વડે દાંતની સારવાર ચમત્કારીક પીડારહિત પરિણામો સાથે



કોસ્મેટીકસ




ડેન્ટલ ઇમ્પ્લાન્ટસ્



સ્માઇલ્સ ડીઝાઇનીંગ



ડેન્ટલ વ્હાઇટનીંગ



ઓર્થોડોન્ટીક

જા. X ખ.

# A.Y. Dadabhai Technical Institute (Polytechnic) Kosamba

MANAGED BY
THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY, SURAT.

## Result analysis of $6^{th}$ Semester - 2020

Due to Covid-19 Pandemic, the $6^{th}$ Semester Examination was taken by Gujarat Technological University in three phases (Online) and One phase (Offline).

The following result analysis is included all the phases.


No. of Students in Final Year - 199
No. of Students appear in Exam - 199
No. of Students Successful in Exam - 199
Result in Percentage - 100%

### As per GTU Ranking of all phases, Rank of A.Y. Dadabhai Technical Institute is $3^{rd}$ Rank

### In $3^{rd}$ Phase

| Courses | Rank | Students |
|---|---|---|
| Mechanical Engineering Department | $1^{st}$ Rank | 74 |
| Electrical Engineering Department | $1^{st}$ Rank | 38 |
| Civil Engineering Department | $1^{st}$ Rank | 43 |
| Computer Engineering Department | $1^{st}$ Rank | 44 |

No. of Students got 10 SPI - 25
No. of Students got 9 to 10 SPI - 57
No. of Students got 8 to 9 SPI - 63
No. of Students got 7 to 8 SPI - 43
No. of Students Less than 7 SPI - 11



Phone No.0091-261-2420097/2424458 Fax No.0091-261-2450222 NOVEMBER - 2020

VOHRA SAMACHAR VALID UP TO 31-12-2020.
Licence No.040 inland 081 For Foreign

PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

RNI No.9372/57“Registerd No.SRT-004/2018 -2020”
2600 Copies Posted at SR RMS at 3rd of Every month

on date of posting 03 -11 - 2020

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**

**દેશમાં વાર્ષિક લવાજમ રૂ.૧૫૦, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂ.૧૦૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂ.૨૦૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂ. ૩૦૦૦ (એર ચાર્જ રૂ. ૭૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂ.૧૫.૦૦**


## આપણા સમાજનું ગૌરવ

B.Sc.



**દીવા** ગામના વતની **સૌદા યુનુસ બડાભાઇ** એ સરદાર પટેલ યુનીવર્સીટી વલ્લભ વિદ્યાનગર દ્વારા લેવાયેલ B.Sc. (માઇક્રોબાયોલોજી) ની પરીક્ષા આદર્શ સાયન્સ કોલેજમાંથી ફર્સ્ટ કલાસમાં પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## S.S.C. - ૨૦૨૦



**મહેવીન જુનેદ હજારી**
ગામ:- નવાપુર
૭૫.૮૦ %

## H.S.C. - ૨૦૨૦



**રય્યાન અ.ખાલીક ઘરૈયા**
ગામ:- નવાપુર
૬૧.૩૮ % (કોમર્સ)

## વહોરા સમાચાર ગ્રાહક જોગ

(૧) વહોરા સમાચારના અંકો દેશ તથા પરદેશમાં દર માસની ત્રીજી તારીખે એક સાથે પોસ્ટ કરવામાં આવે છે. જેમને અંક ન મળે કાર્યાલયમાં જાણ કરતા સ્ટોકમાં હશે ત્યાં સુધી અંકો રવાના કરવામાં આવશે.પરંતુ દેશમાં અંક ન મળવાનીફરીયાદ જે તે ગામની પોસ્ટ ઓફિસને પણ અવશ્ય કરવા વિનંતી.

(૨) વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે મુજબના ફોન નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપર સંપર્ક કરી શકો છો.

**મોબાઇલ નં. 098241 84657**

**E-mail:- vohrasamachar@yahoo.com, vohrasamachar@gmail.com**

## વહોરા સમાચારના જાહેરાતના દરો

**આખુ પેજ રૂ.૨૦૦૦** **અડધુ પેજ રૂ.૧૨૦૦** **પા પેજ રૂ. ૬૦૦**

**નોંધ:-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિકકા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

## વહોરા સમાચારના પ્રતિનિધી જોગ

**વહોરા સમાચારમાં સમાચાર મોકલનાર પ્રતિનિધી ભાઇઓને નમ્ર વિનંતી કે ગામના કે સંસ્થાના સમાચાર ટુંકા અને મુદ્દાસર લખવા તથા દર માસની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા.**

**NAME OF BANK :** *UNION BANK OF INDIA* **ADDRESS :** *STATION ROAD BRANCH,SURAT*
**BANK SWIFT CODE. :** *UBININBBSUR* **ACCOUNT NO. :** *311302010006567*